
RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 7 * Issue No. 268* Date: 25.07.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### દેશના પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે અર્થવ્યવસ્થાને લઇ ચેતવણી આપી

# આગામી માર્ગ ૧૯૯૧ના સંકટ કરતાં પણ વધારે પડકારજનક



## આ ખુશી મનાવવાનો સમય નથી, આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે, કોરોનાને કારણે સર્જાયેલો વિનાશ અને કરોડો નોકરીઓ ગુમાવવાથી હું ખૂબ જ દુઃખી છું

*ન્યુ દિલ્હી,તા.૨૪*

દેશમાં આર્થિક ઉદારીકરણનો પાયો નાખનાર ભૂતપૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિંહે અર્થવ્યવસ્થા અંગે સતર્ક કર્યા છે. પૂર્વ વડાપ્રધાને ચેતવણી આપતાં સૂરમાં કહ્યું હતું કે દેશની અર્થવ્યવસ્થાની જેવી ખરાબ હાલત ૧૯૯૧માં હતી, કંઈક એવી જ સ્થિતિ આગામી સમયમાં બનવાની છે. સરકાર આ માટે તૈયાર રહે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ ખુશ અથવા આનંદ કરવાનો સમય નથી, પરંતુ આત્મનિરીક્ષણ અને વિચાર કરવા માટેનો સમય છે. આગળનો રસ્તો ૧૯૯૧ની મુશ્કેલીઓ કરતાં પણ વધુ પડકારજનક છે. એક રાષ્ટ્ર તરીકેની આપણી પ્રાથમિકતાઓને ફરીથી નક્કી કરવાની જરૂર છે, જેથી દરેક ભારતીય માટે સ્વસ્થ અને ગૌરવપૂર્ણ જીવન સુનિશ્ચિત થઈ શકે.

ડો. મનમોહન સિંહ, જે ૨૦૦૪થી ૨૦૧૪ સુધી દેશના વડાપ્રધાન હતા, ૧૯૯૧માં નરસિંમ્હા રાવની આગેવાની હેઠળની સરકારમાં નાણામંત્રી હતા અને ૨૪ જુલાઈ ૧૯૯૧ના રોજ પોતાનું પહેલું બજેટ રજૂ કર્યું હતું. આ બજેટ વખતે દેશમાં આર્થિક ઉદારીકરણનો પાયો માનવામાં આવે છે. આ ઐતિહાસિક બજેટના ૩૦ વર્ષ પૂરાં થવા પ્રસંગે મનમોહન સિંહે ઘણા મુદ્દાઓ પર પોતાનાં મંતવ્યો જણાવ્યા હતા.

૩૦ વર્ષ પહેલાં કોંગ્રેસે ભારતના અર્થતંત્રમાં મહત્ત્વપૂર્ણ સુધારા શરૂ કર્યા હતા. પાર્ટીએ દેશની આર્થિક નીતિ માટે એક નવો રસ્તો તૈયાર કર્યો હતો. છેલ્લા ત્રણ દાયકામાં સરકારોએ તેનું અનુસરણ કર્યું અને આજે આપણી ગણના વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થામાં કરવામાં આવે છે.

સિંહે કહ્યું હું ભાગ્યશાળી છું કે મેં કોંગ્રેસના ઘણા સાથીદારો સાથે મળીને સુધારાની આ પ્રક્રિયામાં ભૂમિકા ભજવી. તે મને ખૂબ આનંદ અને ગર્વ આપે છે કે છેલ્લા ત્રણ દાયકામાં આપણા દેશની જબરદસ્ત આર્થિક પ્રગતિ થઈ છે. આ સમયગાળા દરમિયાન લગભગ ૩૦ કરોડ ભારતીય નાગરિકો ગરીબીમાંથી બહાર આવ્યા હતા અને કરોડો નવી નોકરીઓનું નિર્માણ થયું હતું.

૧૯૯૧માં નરસિંમ્હા રાવની સરકારમાં નાણામંત્રી રહેલા ડો. મનમોહન સિંહે ૨૪ જુલાઈ ૧૯૯૧ના રોજ પોતાનું પહેલું બજેટ રજૂ મનમોહન સિંહે વધુમાં કહ્યું હતું કે કોરોનાને કારણે સર્જાયેલો વિનાશ અને કરોડો નોકરીઓ ગુમાવવાથી હું ખૂબ જ દુઃખી છું. આરોગ્ય અને શિક્ષણનાં સામાજિક ક્ષેત્રો પાછળ રહી ગયાં છે અને આ આપણી આર્થિક પ્રગતિની ગતિની સાથે જઈ શક્યા નથી. આટલી બધી જિંદગી અને નોકરીઓ ગુમાવી છે, એવું ન થવું જોઈતું હતું.

પૂર્વ વડાપ્રધાને કહ્યું હતું કે ૧૯૯૧માં મેં નાણામંત્રી તરીકે વિક્ટર હ્યુગો (ફ્રેન્ચ કવિ)ના નિવેદનનો ઉલ્લેખ કર્યો હતો કે 'પૃથ્વી પરની કોઈ શક્તિ એ વિચાર રોકી શકતી નથી, જેનો સમય આવી ગયો છે.'

૩૦ વર્ષ પછી એક રાષ્ટ્ર તરીકે આપણે રોબર્ટ ફ્રોસ્ટ (અમેરિકન કવિ)ની એ કવિતાને યાદ રાખવી જોઈએ કે આપણે આપેલાં વચનો પૂરાં કર્યા પછી અને માઈલની યાત્રા કર્યા પછી જ આરામ કરવો પડશે.

### કોરોના વેક્સિન પર મોટો સમાચાર

## ૧૨થી ૧૭ વર્ષની વયનાં બાળકો માટે મોડર્નાને યુરોપમાં મંજૂરી મળી

લંડન,તા.૨૪

વિશ્વમાં ફરી એકવાર કોરોના કેસ વધવા માંડ્યા છે. આવી સ્થિતિમાં મોટા ભાગના દેશો યુદ્ધના ધોરણે વેક્સિનેશનમાં રોકાયેલા છે. હાલમાં ૧૮ વર્ષથી ઉપરના લોકોને વેક્સિનનો ડોઝ આપવામાં આવી રહ્યો છે. આવી સ્થિતિમાં બાળકો પર હજી પણ વાઈરસનું જોખમ તોળાઈ રહ્યું છે. હવે આ મામલે એક સારા સમાચાર સામે આવ્યા છે. યુરોપિયન યુનિયનની ટોચની તબીબી સંસ્થાએ ૧૨-૧૭ વર્ષની વયનાં બાળકો માટે મોડર્નાની કોરોના વેક્સિનને મંજૂરી આપી છે. આ પહેલાં યુરોપિયન મેડિસિન એજન્સીએ મે મહિનાની શરૂઆતમાં આ વય જૂથ માટે ફાઇઝરને મંજૂરી આપી હતી.

ઈએમએએ કહ્યું હતું કે ૧૨થી ૧૭ વર્ષની વયનાં બાળકો માટે સ્પાઇકવેક્સ વેક્સિનનો ઉપયોગ ૧૮ વર્ષ અને તેથી વધુ વયના લોકોની જેમ જ કરવામાં આવશે. વેક્સિનના બે ડોઝ આપવામાં આવશે. તેમની વચ્ચે ફક્ત ૪ અઠવાડિયાંનું અંતર રાખવામાં આવશે. ઈએમએ અનુસાર, ૧૨-૧૭ વર્ષની વયનાં ૩,૭૩૨ બાળકો પર સ્પાઇકવેક્સની ટ્રાયલ કરવામાં આવી હતી. એનાં પરિણામો સકારાત્મક રહ્યાં. આ દરમિયાન જાણવા મળ્યું કે દરેકના શરીરમાં એન્ટિબોડી સારી એવી માત્રામાં બની છે. એટલી જ એન્ટિબોડી ૧૮થી ૨૫ વર્ષની વયના લોકોમાં પણ જોવા મળી હતી. જ્યારે ફાઈઝરે ૧૨ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો પર પણ તેની વેક્સિનની ટ્રાયલ શરૂ કરી દીધી છે. અભ્યાસના પ્રથમ તબક્કામાં ઓછી સંખ્યામાં નાનાં બાળકોને વેક્સિનના અલગ-અલગ ડોઝ આપવામાં આવશે. આ માટે ફાઈઝરે વિશ્વના ચાર દેશોમાં ૪,૫૦૦થી વધુ બાળકોની પસંદગી કરી છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૩૯**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૪૬૮૩**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૪૨**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૪૨૬૫**

### અત્યાર સુધીમાં કોરોનાની રસીના ૪૨.૭૮ કરોડ ડોઝ અપાયા, વધુ ૫૪૬ દર્દીના મોત

# કોરોનાના કેસમાં વધારો, ૨૪ કલાકમાં ૩૯,૦૯૭ કેસ



ન્યુ દિલ્હી,તા.૨૪

દેશમાં કોરોનાના કેસોમાં ફરી એક વખત વધારો નોંધાયો છે. વિતેલા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના નવા ૩૯,૦૯૭ કેસ નોંધાયા છે જેને પગલે કુલ કેસોની સંખ્યા વધીને ૩,૧૩,૩૨,૧૫૯ થઈ છે. એક દિવસમાં કોરોનાથી વધુ ૫૪૬ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક વધીન ૪,૨૦,૦૧૬ થયો હોવાનું કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે.

દેશમાં કોરોનાના સક્રિય કેસ ૪,૦૮,૯૭૭ થયા છે જે કુલ કેસ લોડના ૧.૩૪ ટકા છે. દેશમાં રિકવરી રેટ ૯૭.૩૫ ટકા થયો છે. દેશમાં શુક્રવારે ૧૬,૩૧,૨૬૬ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. અત્યાર સુધીમાં કુલ ૪૫,૪૫,૭૦,૮૧૧ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ હાથ ધરાયું હોવાનું મંત્રાલયે જણાવ્યું છે. દૈનિક પોઝિટિવિટી રેટ ૨.૪૦ ટકા રહ્યો છે તેમજ સાપ્તાહિક પોઝિટિવિટી રેટ ૨.૨૨ ટકા નોંધાયો છે. કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દીઓના આંક વધીને ૩,૦૫,૦૩,૧૬૬ થયો છે. દેશમાં મૃત્યુદર ૧.૩૪ ટકા રહ્યો છે. અત્યાર સુધીમાં કોરોનાની રસા ૪૨.૭૮ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

૫ રાજ્યોમાં હજુ પણ રાજ્યોમાં કોરોનાની સ્થિતિ ચિંતાજનક બનેલી છે. કેરળમાં ૨૪ કલાકની અંદર ૧૭૫૧૮ કેસ સામે આવ્યા. તો મહારાષ્ટ્રમાં કુલ ૬૭૫૩ કોવિડ કેસ નોંધાયા છે.

તમિલનાડુમાં કોવિડ-૧૯ના ૧૮૩૦ કેસ સામે આવ્યા છે. તો આંધ્રપ્રદેશમાં ૧૭૪૭ લોકો કોવિડ સંક્રમિત થયા છે. ૭૬.૧૩ ટકા કેસ આ ૫ રાજ્યોમાં સામે આવી રહ્યા છે. કેરળમાં સૌથી વધુ ૪૪.૮૧ ટકા કેસ છે. તો ૫૪૬ કોરોના સંક્રમિત દર્દીઓના મોત છેલ્લાં ૨૪ કલાકમાં થયા છે.

કોવિડ સંક્રમણના લીધે સૌથી વધુ મોત મહારાષ્ટ્રમાં નોંધાયા છે. મહારાષ્ટ્રમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૧૬૭ દર્દીઓના મોત થયા છે. તો કેરળમાં કુલ ૧૩૨ દર્દીઓના ૨૪ કલાકમાં મોત થયા છે.

### જમ્મુ-કાશ્મીરના બાંદીપોરામાં સેનાએ બે આતંકીઓને ઠાર માર્યા



બાંદીપોરા,તા.૨૪

જમ્મુ-કાશ્મીરના બાંદીપોરામાં સુરક્ષાબળો અને આતંકીઓની વચ્ચે ચાલી રહેલા એન્કાઉન્ટરમાં બે આતંકીના મોત થયા છે. જો કે આ આંતકીઓની ઓળખ હજી સુધી થઇ નથી. સોકબાબાના જંગલમાં આતંકીઓ છુપાયાની માહિતી સુરક્ષાબળોને મળી હતી ત્યારબાદ આ એન્કાઉન્ટર શરૂ થયું. સુરક્ષાબળોએ સર્ચ ઓપરેશન ચલાવ્યું. આ દરમ્યાન આતંકીઓએ ફાયરિંગ શરૂ કરી દીધું. પોલીસના સૂત્રોના મતે શુક્રવારના રોજ બપોરે સર્ચ ઓપરેશન ચલાવામાં આવ્યું હતું. પોલીસ અને આર્મીના જવાન શંકાસ્પદ જગ્યાએ પહોંચ્યા ત્યાં આતંકીઓએ સુરક્ષાબળો પર ફાયરિંગ શરૂ કરી દીધું. સૂત્રોનું કહેવું છે કે અહીં હાજર આતંકીઓની સંખ્યાની સટીક માહિતી નથી. જો કે બંને તરફથી ફાયરિંગ ચાલુ છે.

આની પહેલાં શુક્રવારના રોજ જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાબળોને મોટી સફળતા મળી હતી. અખનૂરમાં સેનાના એક મોટા પાકિસ્તાની ડ્રોનને તોડી પાડ્યા હતા. સુરક્ષાબળોને આ ડ્રોનની સાથે પાંચ કિલો ઈંઢ પણ મળ્યો હતો. ડ્રોનનું વજન લગભગ ૧૭ કિલોગ્રામ હતું. મળતી માહિતી પ્રમાણે આ ડ્રોનના કેટલાંક પાર્ટ ચીન અને કેટલાંક તાઈવાનમાં બન્યા છે.

### વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરશે

## અમેરિકન વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન ૨૭ જુલાઈએ ભારત આવશે

ન્યુ દિલ્હી,તા.૨૪

અમેરિકન વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન ૨૭ જૂલાઈએ ભારતના પ્રવાસે આવશે. આ દરમિયાન તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભારતીય વિદેશ મંત્રી જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે મુલાકા કરશે. એન્ટની બ્લિંકને ટ્વિટ કરીને આની જાણકારી આપી છે. તેમને લખ્યું, "૨૬ જૂલાઈએ હું નવી દિલ્હી અને કુવેતના પ્રવાસ પર નિકળીશું. આ પ્રવાસ કોરોના મહામારીને પહોંચીવળવાની કોશિશો, સુરક્ષા હિતો અને ક્લાઈમેન્ટ ચેન્જ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર અમારા પારસ્પરિક સહયોગને રેખાંકિત કરશે."

ભારતીય વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું, "વિદેશ મંત્રી એન્ટની બ્લિંકનનો પ્રવાસ ભારત અને અમેરિકાની વૈશ્વિક રણનીતિ ભાગીદારીને મજબૂત બનાવવા અને બંને દેશો વચ્ચે ઉચ્ચસ્તરીય દ્વિપક્ષીય વાતચીતને ચાલું રાખવાનો એક અવસર છે."

આંતરાષ્ટ્રીય બાબાતોના જાણકારો માને છે કે, આ દરમિયાન બંને પક્ષો અફઘાનિસ્તાનમાં ચાલી રહેલા સંકટને લઈને પણ વાતચીત કરી શકે છે.

અમેરિકન રાષ્ટ્રપતિએ અફઘાનિસ્તાનથી અમેરિકન સૈનિકોની વાપસીની જાહેરાત કરી છે. એવામાં અફઘાનિસ્તાનમાં તાલિબાનનું વર્ચસ્વ એક વખત ફરીથી વધ્યું છે.

અફઘાનિસ્તાન સરકારનું સમર્થન કરનારા ભારતે હાલમાં જ સુરક્ષા કારણોને લીધે કંધાર સ્થિત દૂતાવાસથી રાજદૂતો સહિત ૫૦ કર્મચારીઓને પરત બોલાવી લીધા હતા.

### ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૦

## ભારતની મીરાબાઈ ચાનૂ વેટલિફ્ટીંગમાં સિલ્વર મેડલ જીતી



ટોક્યો,તા.૨૪

મીરાબાઈ ચાનૂએ ટોક્યો ઓલંપિકમાં ઈતિહાસ રચી દીધો છે. મીરાબાઈએ વેટલિફટીંગમાં ૪૯ કિલોગ્રામમાં સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે.વેઈટ લિફ્ટિંગમાં કરનામ મલ્લેશ્વરી પછી ભારત માટે મેડલ મેળવનારા મીરાબાઈ બીજા ખેલાડી બન્યા છે, જેને ભારતને ગૌરવ અપાવ્યુ છે. નોર્થ ઈસ્ટના નાનકડા રાજ્ય મણિપુરમાંથી આવતા મીરાંબાઈએ ભારતને મોટી સફળતા અપાવી છે.જે સમગ્ર દેશ માટે ગૌરવની બાબત છે.

૪૯ કિલો વજનની કેટેગરીમાં મહિલાઓની વેઈટલિફ્ટિંગની શરૂઆત સ્નેચ રાઉન્ડથી થઈ હતી. આમાં મીરાબાઈ ચાનુએ પોતાના પ્રથમ પ્રયાસમાં ૮૧ કિલો વજન ઉંચક્યો હતો. આ પછી, બીજા પ્રયાસમાં તેણે ૮૭ કિલો વજન ઉંચક્યું. જો કે, મીરાબાઈ ચાનુનો ??ત્રીજો પ્રયાસ નિષ્ફળ ગયો. ત્રીજા પ્રયાસમાં તે ૮૯ કિલો વજન વધારવા માટે આવી હતી. જો તેણે આ વજન ઉતાર્યું હોત, તો તે સ્નેચ રાઉન્ડમાં તેની વ્યક્તિગત શ્રેષ્ઠ હતી. પરંતુ, તે આવું કરી શકી નહીં અને સ્નેચ રાઉન્ડમાં તેનું સૌથી વધુ વજન kg ૮૭ કિગ્રા નોંધાયું હતું. સ્નેચ રાઉન્ડમાં, મીરાબાઈ તમામ મહિલા વેઈટલિફ્ટરમાં બીજા સ્થાને રહી. પ્રથમ સ્થાન ચીનના વેઈટલિફ્ટરે જીત્યું, જેમણે સ્નેચમાં ।ન્ન ૯૪ કિલો વજન ઉંચકીને નવો ઓલિમ્પિક રેકોર્ડ બનાવ્યો. ભારતની મીરાબાઈ ચાનુ અને ચીની વેઈટલિફ્ટર વચ્ચે સ્નેચ રાઉન્ડમાં કુલ ૭ કિલોગ્રામ અંતર રહ્યું હતું.

# તંત્રી સ્થાનેથી...

## વિશ્વને ચેતવણી: ગરમી વધતાં વિશ્વના દેશોમાં બરફ ઓગળવાનુ પ્રમાણ વધ્યુ....!

*ભારતમાં વર્ષાઋતુનો સમય પુર બહારમાં હોય ત્યારે અત્યારના સમયમાં કેટલાક વિસ્તારો વરસાદથી તરબતર થઇ ગયા છે તો કેટલાક વિસ્તારો વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. કરવામાં આવેલ વાવેતર નિષ્ફળ જાય તેવી સ્થિતિ બની છે. તો ક્યાંક અતિવૃષ્ટિને કારણે તણાઈ ગયાના વેતર કે વાવેતર ખતમ થઈ ગયાની સ્થિતિ બની છે. બીજી તરફ કોરોનાએ ૨૦૨૧માં લોકોને વૃક્ષોની જરુરિયાત હોવાનો પાઠ ભણાવી દીધો છે તે સાથે વિશ્વના દેશોને પણ મોટી શીખ આપી છે. છતાં કોઈપણ દેશ વૃક્ષ વાવેતર અભિયાન શરૂ કર્યું નથી. જ્યારે કે ભારત એક ખેતીપ્રધાન દેશ છે અને અહીં સમજુ અને જાગ્રત કેટલાક લોકો પણ છે તેઓએ વ્યક્તિગત કે નાનો સંગઠનો, નાગરિક મંડળ કે જૂથ બનાવી વૃક્ષોનું વાવેતર કર્યું છે અને ચાલી રહ્યું છે. પરંતુ દેશની વસ્તીના પ્રમાણમાં જે જાગૃતિ હોવી જોઈએ તેનું પ્રમાણ નહીંવત્ છે. ગુજરાત જેવા રાજ્યમાં વધુ વૃક્ષોના વાવેતર માટે સરકાર દ્વારા વિવિધ વૃક્ષોના છોડના રોપાઓનું વિતરણ કરવામાં આવે છે. પરંતુ રોપાઓ ફલીત થઇ વૃક્ષ બને છે કે કેમ તે તરફ ધ્યાન અપાતું નથી..... મતલબ રોપાઓનું વાવેતર કરી તેની માવજત કરવા તરફ ઘણું ઓછુ ધ્યાન અપાય છે નહીં તો ગુજરાતમાં આજે વૃક્ષો આચ્છાદિત વૃક્ષોની હારમાળા ઓ દેખાતી હોત... કારણ ગુજરાત સરકાર દર વર્ષે વિવિધ પ્રકારના હજાર રોપાઓનું વિતરણ વર્ષોથી કરતું આવ્યું છે.. છતાંય.... જોકે આજની માનવજાત પશુ-પક્ષીઓના ઉપકારને ભૂલી ગયો છે અને વૃક્ષોનું નિકંદન કાઢવા પાછું વળીને જોતો નથી. તે સાથે જળ- વાયુ પ્રદુષણ વધારવામા ભવિષ્યના થનારા નુકશાન બાબતે વિચારતોજ નથી..... જેના પરિણામો હવેના સમયમાં આવવા લાગ્યા છે. વિશ્વના દેશોને કુદરતે વિવિધ રીતે ચેતવણીઓ આપવા છતાં માનવજાત સમજવા તૈયાર નથી....! તે પણ વાસ્તવિક છે.....કારણ ગ્લોબલ વોર્મિંગ,વાવાઝોડા ત્રાટકવા, મોસમમાં મોટા બદલાવ, ગરમીમા વધારો,સમુદ્રી જળ સપાટીમા વધારો,ભૂતળ જળ દુષિતથવા,બરફ ઓગળવો વગેરે છે......!*

*વિશ્વમાં દૂષિત જળ અને વાયુને કારણે વૃક્ષોનુ નિકંદન કાઢી નાખતા વિવિધ પ્રકારના પક્ષીઓ અને પશુઓ લુપ્ત થઈ ગયા છે કે લુપ્ત થવાને આરે છે. કેટલાક પશુઓ માનવજાતને દૂધ આપે છે,પક્ષીઓ અનેક વૃક્ષોના વાવેતર માટે વાહક છે. તો રોગ ફેલાવે તેવા જીવ જંતુઓને આરોગી ખતમ કરે છે. તે વાત આજનો માનવી ભૂલી ગયો છે. થોડા સમય પહેલા સાયન્સ મેગેઝીન નેત્રમાં એક અહેવાલ પૃથ્વી પર થીજેલા બરફ વધુ ઝડપથી પીગળી રહ્યા બાબતેનો હતો. આ અહેવાલ વિશ્વભરના દેશો માટે મોટી ચેતવણી રૂપે હતો. અહેવાલમાં વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર ૨૦૧૫થી દર વર્ષે વિશ્વના બર્ફીલા પર્વતો પરનો ૩૨૮ અબજ ટન બરફ પીગળી જાય છે. જે વર્ષ ૨૦૦૦થી ૨૦૦૪ ની સરખામણીએ ૨૦૧૫ થી ૨૦૧૯ દરમિયાન સરેરાશ ૭૮ અબજ ટન બરફ વધુ પીગળી ગયો હતો. ફ્રાન્સ યુનિવર્સિટીના ગ્લેશિયર વિજ્ઞાનીના કહેવા અનુસાર વિશ્વભરના દેશો પૈકી અમેરિકા અને કેનેડામાં સૌથી વધુ બરફ પડ્યો છે. અલાસ્કાનુ કોલંબિયા ગ્લેશિયર દર વર્ષે અંદાજે ૧૧૫ ફૂટ ઓગળી જાય છે. છેલ્લા ૧૫ વર્ષમાં બરફ ઓગળવાની ઝડપ વધી ગઈ છે. સેટેલાઇટ ઇમેજ પરથી એવું પણ કહ્યું છે કે તિબેટના ગ્લેશિયર પણ ઝડપથી પીગળી રહ્યા છે કે જે વર્ષોથી સુરક્ષિત હતા. અહેવાલમાં વિજ્ઞાનીઓના કહેવા અનુસાર બરફ પીગળવા પાછળ ગ્લોબલ વોર્મિંગ સૌથી મહત્વનું પરિબળ છે...... આ સ્થિતિમાં માનવજાતે જાગવાનો સમય પાકી ગયો છે અને તે છે કુદરતી સંપદાના સંરક્ષણ કરવા સાથે તેમા વધારવાનો......!*

## બોગસ વોટિંગ અને બૂથ કેપ્ચરિંગ કરનારા લોકો વિરુદ્ધ કડક પગલાં ભરવાં જોઈએ

# ડર્યા વિના વોટિંગ કરવું દરેક નાગરિકોનો અધિકાર: સુપ્રિમ કોર્ટ



*ન્યુ દિલ્હી,તા.૨૪*

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ચૂંટણી દરમિયાન બોગસ વોટિંગ અને બૂથ કેપ્ચરિંગ સામે કડક પગલાં ભરવા જોઈએ. લોકશાહીમાં ચૂંટણીઓ સામાન્ય લોકોનો અભિપ્રાય પ્રતિબિંબિત કરે છે. ફ્રી ઈલેક્શન બંધારણના મુખ્ય માળખાનો એક ભાગ છે. ઝારખંડમાં ૧૯૮૯ની લોકસભા ચૂંટણી દરમિયાન ફ્રોડ અને ગડબડ કરનારા ૮ આરોપીની સજા યથાવત્ રાખવાની સાથે આ વાત રજૂ કરાઈ હતી. આ તમામ આરોપીઓ સામે એક પોલિંગ સ્ટેશન બહાર ફાયરિંગ અને બળવો ફેલાવવાનો કેસ નોંધાયો હતો. આ ઘટનામાં ઘણા લોકોને ઈજા પણ પહોંચી હતી.

કોર્ટે ૨૦૧૩માં પીપલ્સ યુનિયન ઓફ સિવિલ લિબર્ટીઝ અંગે નિર્ણયનો મુદ્દો ટાંકીને કહ્યું હતું કે લોકતંત્રને મજબૂત કરવામાં નિષ્પક્ષ અને નીડરતાથી ચૂંટણીનું આયોજન કરવું આવશ્યક છે. આના માટે વોટિંગની પ્રક્રિયા ગુપ્ત રાખવી જોઈએ. ૨૦૧૩ના એક નિર્ણયમાં કોર્ટે કહ્યું હતું કે વોટ આપવાની સ્વતંત્રતા પણ ફ્રીડમ ઓફ એક્સપ્રેશનનો એક ભાગ છે, જેનો ભારતના બંધારણમાં પણ ઉલ્લેખ કરાયો છે.

કોર્ટે ૮ આરોપીને શરણાગતિ સ્વીકારવા અને ૬ મહિનાની અન્ય સજા પૂરી કરવા કહ્યું હતું. વધુમાં કોર્ટે જણાવ્યું હતું કે મતદાતાએ પોતાની ઈચ્છા મુજબ વોટ આપવાની સ્વતંત્રતા હોય છે, આ ચૂંટણી પ્રક્રિયાનું અભિન્ન અંગ છે, જેને કારણે બૂથ કેપ્ચરિંગ અને બોગસ વોટિંગના પ્રયાસો સામે કડક પગલાં ભરવાં જોઈએ. આનાથી લોકશાહીમાં કાયદાકીય વ્યવસ્થા પર પણ અસર પહોંચે છે. આઠ આરોપીએ વોટર-સ્લિપ આપવાની ના પાડી દેતાં ભારતીય જનતા પાર્ટીના એક કાર્યકર્તાને માર માર્યો હતો. ત્યાર પછી આ લોકોએ ફાયરિંગ પણ કર્યું, જેનાથી આસપાસના લોકોને પણ ઈજા પહોંચી હતી. કોર્ટે કહ્યું હતું કે ચૂંટણી તો નિષ્પક્ષ હોવી જોઈએ, એની પ્રક્રિયામાં બાધારૂપ થવાનો કોઈને અધિકાર નથી. આ મુદ્દે કોર્ટે કેટલાક ઐતિહાસિક નિર્ણયોને ટાંકીને કહ્યું હતું કે ભારતીય બંધારણ અનુસાર, ડર્યા વિના ચૂંટણીપ્રક્રિયામાં ભાગ લેવાનો દરેક મતદાતાને અધિકાર છે. કોર્ટે કહ્યું હતું કે લોકસભા હોય કે વિધાનસભા, તમામ ચૂંટણીની ગોપનીયતા જળવાઈ રહેવી જોઈએ. જો લોકોનો મત સુરક્ષિત હશે તો જ તે નીડર થઈને અન્ય કોઈપણ ચિંતા વગર વોટ આપવા જઈ શકશે. અન્ય લોકશાહી ધરાવતા દેશોમાં આ પ્રકારની જ વ્યવસ્થા છે.

# બુદ્ધના માર્ગે ચાલી ભારતે પડકારોનો સામનો કઈ રીતે કરી શકાય તે દુનિયાને બતાવ્યું: મોદી

ન્યુ દિલ્હી,તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂ પૂર્ણિમા અને ધમ્મ દિવસ નિમિત્તે પોતાના સંબોધનમાં દેશવાસીઓને ગુરૂપૂર્ણિમાની શુભેચ્છા પાઠવી હતી. આ સાથે જ તેમણે ભગવાન બુદ્ધને પણ યાદ કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, જ્યાં જ્ઞાન છે ત્યાં જ પૂર્ણિમા છે, ત્યાં જ પૂર્ણતા છે. જ્ઞાન સંસ્કારનું પ્રતીક છે.

વડાપ્રધાને ધમ્મચક્ર પ્રવર્તન દિવસ અને અષાઢ પૂર્ણિમાની શુભેચ્છા પાઠવી હતી અને કહ્યું હતું કે, ભગવાન બુદ્ધે બુદ્ધત્વની પ્રાપ્તિ બાદ પોતાનું પહેલું જ્ઞાન સંસારને આપ્યું હતું. ત્યાગ અને તિતિક્ષાથી તપેલા બુદ્ધ જ્યારે બોલે છે ત્યારે ફક્ત શબ્દો જ નથી નીકળતા, પરંતુ ધમ્મચક્રનું પ્રવર્તન થાય છે. વડાપ્રધાને જણાવ્યું કે, તે સમયે બુદ્ધે માત્ર ૫ શિષ્યોને ઉપદેશ આપ્યો હતો પરંતુ આજે સમગ્ર વિશ્વમાં તે શબ્દોના અનુયાયી છે, બુદ્ધમાં આસ્થા રાખનારા લોકો છે.

વડાપ્રધાને કહ્યું કે, સારનાથમાં ભગવાન બુદ્ધે સમગ્ર જીવન, સમગ્ર જ્ઞાનનું સૂત્ર આપણને જણાવ્યું હતું. તેમણે દુખ વિશે જણાવ્યું, દુખના કારણ વિશે જણાવ્યું, એવું આશ્વાસન આપ્યું કે, દુખો સામે જીતી શકાય છે અને તે વિજય માટેનો રસ્તો પણ બતાવ્યો. વડાપ્રધાને જણાવ્યું કે, બુદ્ધના સમ્યક વિચારને લઈ આજે વિશ્વના અનેક દેશો એકબીજાનો હાથ પકડી રહ્યા છે, એક બીજાની શક્તિ બની રહ્યા છે.

વડાપ્રધાને કહ્યું કે, આજે કોરોના મહામારી સ્વરૂપે માનવતા સામે એવું જ સંકટ છે. ભગવાન બુદ્ધ આપણા માટે વધુ પ્રાસંગિક બની જાય છે. બુદ્ધના માર્ગે ચાલીને જ આપણે વિશાળથી અતિ વિશાળ પડકારોનો સામનો કઈ રીતે કરી શકીએ, ભારતે તે કરી બતાવ્યું છે. વડાપ્રધાને ટ્વીટ કરીને દેશવાસીઓને ગુરૂ પૂર્ણિમાની શુભેચ્છા પણ આપી હતી.

ગૃહમંત્રી અમિત શાહે પણ ટ્વીટ કરીને ગુરૂ પૂર્ણિમાની શુભેચ્છા આપી છે. તેમણે ટ્વીટમાં લખ્યું હતું કે, ગુરૂ એક શિક્ષક જ નહીં, પરંતુ પોતાના જ્ઞાન વડે શિષ્યના તમામ દોષ દૂર કરીને દરેક સંકટમાંથી બહાર કાઢનારા માર્ગદર્શક પણ હોય છે. તેનાથી તેઓ ફક્ત શિષ્યના જીવનને સુધારતા જ નથી, પરંતુ સમાજ અને રાષ્ટ્રના નિર્માણમાં મહત્વનું યોગદાન પણ આપે છે. ગુરૂ પૂર્ણિમા નિમિત્તે આવા તમામ ગુરૂજનોને વંદન કરૂ છું.

## સિડનીમાં લોકડાઉન સામે આક્રોશ, હજારો લોકોએ વિરોધમાં કાઢી રેલી

સિડની,તા.૨૪

ભારતમાં કોરોનાની બીજી લહેર બાદ જન જીવન થાળે પડી રહ્યુ છે ત્યારે ઓસ્ટ્રેલિયાના સિડનીમાં લાંબા સમયથી લાગુ થયેલા લોકડાઉન સામે આક્રોશ ફાટી નીકળ્યો છે. આજે મોટી સંખ્યામાં લોકો લોકડાઉનનો વિરોધ કરવા માટે રસ્તા પર ઉતરી આવ્યા તહા.વિક્ટોરિયા પાર્ક તેમજ બ્રોડ વે પર મોટી સંખ્યામાં લોકોએ ભેગા થઈને નારા લગાવીને લોકડાઉનનો વિરોધ કર્યો હતો.દેખાવકારોએ બેનરો અને પોસ્ટરો સાથે નારાજગી દર્શાવીને પગપાળા રેલી પણ કાઢી હતી. લોકોએ લોકડાઉન ખતમ કરવા માટે સરકાર સમક્ષ માંગ કરી છે. આ વિરોધ પ્રદર્શનની એક તસવીર ઝડપથી વાયરલ થઈ રહી છે.એક યુઝરે લખ્યુ હતુ કે, સિડનીમાં લોકડાઉનના વિરોધમાં થઈ રહેલા દેખાવોમાં લોકો માસ્ક વગર જોડાયા છે અને સોશિયલ ડિસ્ટન્સિંગનુ પાલન પણ કરી રહ્યા નથી.

# પાટીદાર નેતા ધીરુ ગજેરા વિધિવત્ રીતે ભાજપમાં જોડાયા

સુરત,તા.૨૪

કોંગ્રેસના નેતા ધીરુ ગજેરાએ વિધિવત રીતે ભાજપનો ખેસ ધારણ કર્યો છે. સુરત ભાજપ કાર્યાલય ખાતે ધીરુ ગજેરા વિધિવત રીતે ભાજપની સાથે જોડાયા છે. વર્ષ ૨૦૦૭માં તેઓ ભાજપથી વિખુટા પડ્યા હતા અને હવે તેઓ ફરીથી ભાજપની સાથે જોડાઈ ગયા છે. ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે ધીરુ ગજેરાને કેસરિયો ખેસ પહેરાવીને પક્ષમાં આવકાર્યા છે. ધીરુ ગજેરાની સાથે કોંગ્રેસના ઉપપ્રમુખ પ્રતાપ દરબાર, સુરત કોંગ્રેસના મહામંત્રી રાઈસંગ મોરી, સુરત કોંગ્રેસના મહિલા ઉપપ્રમુખ અમિતા અગ્રાવત અને સુરત કોંગ્રેસના મંત્રી જમન ઠેસિયાએ પણ ભાજપનો કેસરિયો ખેસ કર્યો હતો.

તેમણે ભાજપમાં જોડાયા બાદ જણાવ્યું હતું કે, ૨૦૦૭માં અમે અમિત શાહ અને નરેન્દ્ર મોદી સાથે ટક્કર લીધી પણ અમે નિષ્ફળ રહ્યા. અમને ૩૦ જેટલા ધારસભ્યોએ કોંગ્રેસને ટિકિટ આપી હતી. તેમાંથી એક જ ધારાસભ્ય ચૂંટાયો. બધા ધારાસભ્યો હારી ગયા. ધીરે-ધીરે બધા પાર્ટીમાં જોડાતા ગયા.

ધીરુ ગજેરાએ ભાજપમાં જોડાવવા બાબતે અગાઉ જણાવ્યું હતું કે, મને મારા ઘરમાં જવાથી આનંદ થતો હોય છે. ભાજપ છોડવામાં હું એકલો નહોતો મારી સાથે મારા ઘણા સાથી મિત્રો હતા. ધારાસભ્યો, સાંસદ સભ્યો, માજી મુખ્યમંત્રી સહિતના અમે લોકો ૨૦૦૭માં જુદા પડ્યા હતા. ત્યારબાદ ધીરે-ધીરે બધા ભાજપમાં આવતા ગયા. હું ઘણો સમય બહાર રહ્યો હતો. મને ઘણી વખત મિત્રો મને કહેતા હતા કે તમે ભાજપમાં જોડાઈ જાવ. ૨૦૦૭થી જ તેઓ મને કહેતા હતા. હું વિધાનસભા લડ્યો, લોકસભા લડ્યો અને અંતે ૨૦૧૭માં મેં કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યુ અને ચાર વર્ષથી એમનમ બેઠો હતો. પછી મારા શુભેચ્છક મિત્રો પણ મને કહેતા હતા કે, ધીરુભાઈ ભાજપમાં જતા રહો. એટલે મેં નિર્ણય કર્યો મારા ઘરમાં રહેવાનો. ત્યારબાદ મેં પ્રદેશ અધ્યક્ષનો સી.આર. પાટીલનો સમય લીધો. ત્યારબાદ તેમણે હાઈકમાન્ડ પાસેથી ગ્રીન સિગ્નલ મેળવ્યું. હાઈકમાન્ડે મને હા પાડી એટલે મેં ભાજપમાં જવાનું નક્કી કર્યું. આ નિર્ણયની મને ખૂશી છે અને ગર્વ છે.

## ગન લાયસન્સ મામલે સીબીઆઇના જમ્મુ-કાશ્મીરમાં ૪૦ સ્થળોએ દરોડા

*શ્રીનગર,તા.૨૪*

CBIએ ગન લાઇસન્સ બાબતે શનિવારે શ્રીનગરમાં જમ્મુ-કાશ્મીરના IAS અધિકારી ઈકબાલ ચૌધરીના નિવાસસ્થાન સહિત ૪૦ ઠેકાણે દરોડા પાડ્યા હતા. આ પગલું ૨૦૧૯માં દાખલ કરાયેલા એક કેસને લીધે ઉઠાવવામાં આવ્યો છે. આરોપ છે કે ૨૦૧૨ અને ૨૦૧૬ વચ્ચે જમ્મુ-કાશ્મીરના વિવિધ જિલ્લાઓમાં કમિશનરે રૂપિયાની લાલચમાં બનાવટી અને ગેરકાયદે રીતે શસ્ત્રોનાં લાઈસન્સ જાહેર કર્યાં હતાં.

ચૌધરી ૨૦૦૯ બેંચના IAS અધિકારી છે અને તેઓ હાલમાં જમ્મુ-કાશ્મીરના જનજાતિય કેસ વિભાગના વહીવટી સચિવ તરીકે તહેનાત છે. તેઓ કઠુઆ, રિયાસી અને ઉધમપુર જિલ્લામાં કમિશનરરૂપે સેવાઓ આપી ચૂક્યા છે. તેમના પર આરોપ છે કે તેમણે આ દરમિયાન અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના લોકોને બનાવટી નામો પર હજારો લાઈસન્સ જાહેર કર્યાં.

રિપોર્ટ અનુસાર, ૨૦૧૨ પછી જમ્મુ-કાશ્મીરમાં ગેરકાયદે રીતે ૨ લાખથી વધુ લાઈસન્સ જાહેર કરવામાં આવ્યાં હતાં. આને ભારતનું સૌથી મોટું ગન લાઈસન્સકૌભાંડ પણ કહેવામાં આવી રહ્યું છે.

# ટોક્યો ઓલિમ્પિક્સમાં સિલ્વર મેડલ જીતનાર મીરાબાઈ ચાનુ સાથે પીએમ મોદીએ વાત કરી

ન્યુ દિલ્હી,તા.૨૪

ટોક્યોમાં રમાઈ રહેલી ઓલિમ્પિક ગેમ્સમાં ભારતે શાનદાર શરૂઆત કરી છે. મીરાબાઈ ચાનુએ ભારત માટે સ્નેચમાં ૮૭ કિલો વજન ઉઠાવ્યું હતું. ક્લીન એન્ડ આંચકામાં મીરાબાઈ ચાનુએ ૧૧૫ કિલો વજન સફળતાપૂર્વક ઉપાડ્યું અને તે ભારત માટે રજત પદક જીતવામાં સફળ રહી. મીરાબાઈ ચાનુએ વેઈટ લિફ્ટિંગમાં ભારતને ઓલિમ્પિક રમતોના ઈતિહાસમાં બીજો મેડલ અપાવ્યો છે. ભારતની પ્રથમ મહિલા ખેલાડી છે જેણે વેઈટ લિફ્ટિંગમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

મીરાબાઈ ચાનુ દ્વારા ઈતિહાસ રચ્યા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની સાથે વાત કરી હતી અને તેમના ભવિષ્ય માટે સારા નસીબની શુભકામના પાઠવી હતી. વડાપ્રધાન મોદીએ મીરાબાઈ ચાનુ સાથે વાત કરી હતી અને ટોક્યો ઓલિમ્પિક્સમાં સિલ્વર મેડલ જીતવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. વળી, વડાપ્રધાન મોદીએ મીરાબાઈ ચાનુના ભાવિ પ્રયાસો માટે શુભેચ્છા પાઠવી હતી.

આ પહેલા વડાપ્રધાન મોદીએ રજત પદક જીતવા પર ટ્વીટ કરીને મીરાબાઈ ચાનુને અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યું, આનાથી સારી શરૂઆત ન હોઈ શકે. મીરાબાઈ ચાનુના પ્રદર્શનથી ભારત ઉત્સાહિત છે. વેઈટલિફ્ટિંગમાં સિલ્વર મેડલ બદલ તેમને અભિનંદન. દરેક ભારતીય તેની સફળતાથી પ્રેરાશે.

રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદે મીરાબાઈ ચાનુને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ટ્વિટ કર્યું, ‘સમગ્ર દેશની પ્રાર્થના અને આશાઓ ટોક્યો ઓલિમ્પિક રમતોત્સવમાં ભારતીય ટુકડી સાથે છે. હું તમને બધા ભારતીય વતી શુભેચ્છા પાઠવું છું. મને ખાતરી છે કે તમે બધા આ રમતમાં અદ્ભુત પ્રદર્શન કરશો અને ખ્યાતિ મેળવીને આપણા દેશને ગૌરવ અપાવશો.

મીરાબાઈ ચાનુએ ઈતિહાસ રચ્યો છે. મીરાબાઈ ચાનુએ ભારત માટે રજત પદક જીત્યો છે. ઓલિમ્પિક રમતોના પહેલા જ દિવસે ભારત મેડલ મેળવવામાં પોતાનું ખાતું ખોલવામાં સફળ રહ્યું છે. ચીનના જીજીહુએ વેઈટ લિફ્ટિંગના ૪૯ કિલોગ્રામ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

# જેફ બેઝોસે ૪ મિનિટ સ્પેસ ટૂર માટે અધધ...૫.૫ અબજ ડોલરનો ખર્ચ કર્યો...!!

વોશિંગ્ટન,તા.૨૪

દુનિયાના સૌથી ધનિક વ્યક્તિ અને એમેઝોનના સ્થાપક જેફ બેઝોસે અંતરિક્ષની યાત્રા કરવાનુ પોતાનુ સ્વપ્ન તાજેતરમાં જ પુરુ કર્યુ છે.

ચાર મિનિટની અંતરિક્ષ મુસાફરી પાછળ ૫.૫ અબજ ડોલરનો જંગી ખર્ચ તેમણે કર્યો છે.બીજી રીતે સરખામણી કરવામાં આવે તો આ રકમમાંથી દુનિયાની ઘણી સમસ્યાનો અંત આવી શક્યો હોત.

જેમ કે ૩.૭૫ કરોડ લોકોને આ રકમમાંથી ભૂખમરામાંથી ઉગારી શકાયા હોત.

ગરીબ દેશો કોરોનાની વેક્સીન મેળવવા માટે ઝઝૂમી રહ્યા છે.યુનાઈટેડ નેશન્સ આવા દેશો માટે ૨૦૦ કરોડ ડોઝની વ્યવસ્થા કરવા માંગે છે અને તેની પાછળ ૨.૬ અબજ ડોલરનો કર્ચ થવાનો છે.આમ અંતરિક્ષ યાત્રાની રકમમાંથી તમામ ગરીબ દેશોને વેક્સીન મળી શકી હોત. આફ્રિકાના સંખ્યાબંધ દેશોને આ રકમમાંથી માનવીય સહાય પહોંચાડી શકાઈ હોત.

ગરીબ દેશોમાં કૃષિ વિકાસ થકી ઉત્પાદન વધારવા માટે ઈન્ટરનેશનલ ફંડને મદદની જરુર છે અને આ માટે ૩૫ કરોડ રુપિયાની જરુરિયાત છે.બેઝોસની ૩૦ સેકન્ડની યાત્રામાં આ ખર્ચ પૂરો કરી શકાય તેમ છે.

# મહારાષ્ટ્રમાં પૂરથી ૧૩૬ લોકોનાં મોત: કર્ણાટકમાં રેડ અલર્ટ

મુંબઈ/બેંગ્લુરુ,તા.૨૪

મહારાષ્ટ્રમાં વરસાદનો કહેર જારી છે. રાજ્યમાં ભારે વરસાદને કારણે અનેક લોકો કાળનો કોળિયો બની ગયા છે. મહારાષ્ટ્રના કોસ્ટલ રાયગઢ જિલ્લામાં તલાઈ ગામની નજીક જમીન ધસી પડવાને કારણે અત્યાર સુધીમાં ૪૯ લોકોનાં મોત થયાં છે. ભૂસ્ખલનની આ ઘટનામાં અત્યાર સુધી ૪૭ લોકો લાપતા છે અને ૧૨ ઘાયલોની હોસ્પિટલમાં સારવાર થઈ રહી છે. કાટમાળમાં ફસાયેલા લોકોના જીવ બચાવવા માટે રાહત અને બચાવ કાર્ય જારી છે. વરસાદને કારણે અત્યાર સુધી ૧૩૬થી વધુ લોકોનાં મોત થઈ ચૂક્યાં છે. વરસાદથી પ્રભાવિત થાણે, રાયગઢ, રત્નાગિરિ, સાતારા, સાંગલી અને કોલ્હાપુર જિલ્લામાંથી ૮૦૦૦થી વધુ લોકોને એનડીઆરએફ, નેવી અને આર્મીએ રેસ્ક્યુ કર્યા છે. ૨૦૦૦થી વધુ ગામોના મુખ્ય વિસ્તારોથી સંપર્ક તૂટી ગયો છે.

ગોવાની સરહદે મહારાષ્ટ્રના વિસ્તારોમાં આગામી બે દિવસ વરસાદનું રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. અહીં છ જિલ્લાઓમાં એનડીઆરએફની ૧૮ ટીમો તહેનાત કરવામાં આવી છે, તેમાં પણ આઠ ટીમો અલર્ટ પર છે. આ સિવાય રાયગઢમાં નેવી અને કોલ્હાપુર, રત્નાગિરિમાં આર્મીની મદદથી રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

રાજ્યના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું હતું કે જે લોકોને નુકસાન થયું છે, તેમને વળતર આપવામાં આવશે. અમે પ્રયાસ કરીશું કે ભવિષ્યમાં આવી ઘટનાઓમાં કોઈના જીવ ન જાય.

આ સાથે કર્ણાટકમાં છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદ પડ્યો છે. કેટલાય વિસ્તારોમાં ફૂર આવ્યું છે. ત્રણ લોકોના મોતના અહેવાલ છે. કમસે કમ આઠ જગ્યાએ ભૂસ્ખલન થયું છે. રાજ્યના સાત જિલ્લા- દક્ષિણ કન્નડ, ઉડુપ્પી, ઉત્તર કન્નડ, શિવમોગા, ચિકમંગલૂર, હાસન અને કોડાગુમાં વરસાનું રેડ અલર્ટ છે.

# બાળકો પર કોરોના વેક્સિનના પરિણામો સપ્ટેમ્બર સુધીમાં જાહેર થઇ શકે: એઇમ્સ ડાયરેક્ટર



ન્યુ દિલ્હી,તા.૨૪

કોરોના વાયરસની ત્રીજી તરંગના ડર વચ્ચે એઈમ્સના ડાયરેક્ટર ડો.રનદીપ ગુલેરિયાએ બાળકો પર ભારત બાયોટેકની કોવેક્સિનના અજમાયશ સંબંધિત મોટી માહિતી આપી છે. ડો.રણદીપ ગુલેરિયાએ જણાવ્યું હતું કે બાળકો પર આ રસીની અજમાયશ હાલમાં ચાલી રહી છે અને ટ્રાયલના પરિણામો સપ્ટેમ્બર સુધીમાં જાહેર થઈ શકે છે. ડો.રનદીપ ગુલેરિયાનું આ નિવેદન પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે આવતા અઠવાડિયાથી, ૨ થી ૬ વર્ષના બાળકોને કોવેક્સિનનો બીજો ડોઝ આપવાનું ટ્રાયલ શરૂ કરી શકાય છે.

આપને જણાવી દઈએ કે દિલ્હીના એઈમ્સમાં ચાલી રહેલા અજમાયશ અંતર્ગત ૬ થી ૧૨ વર્ષની વય જૂથનાં બાળકોને કોવેક્સિનનો બીજો ડોઝ પહેલેથી જ આપવામાં આવ્યો છે. ઈન્ડિયા ટુડેના સમાચારો અનુસાર, ૨૨ જૂનના અગાઉ ડો રણદીપ ગુલેરિયાએ માહિતી આપતા કહ્યું હતું કે બાળકો માટે કોરોના વાયરસ સામેની રસી સપ્ટેમ્બર સુધીમાં મળી શકે છે. દેશમાં કોવેક્સિન સિવાય બાળકો માટે ઝાયડસ કેડિલા રસીની અજમાયશ પણ ચાલી રહી છે.

# રાહુલ ગાંધીએ કહ્યું મને યૂપીની કેરી પસંદ નથી, યોગીએ કહ્યું, તમારો ટેસ્ટ જ વિભાજનકારી છે

ન્યુ દિલ્હી/લખનઉ,તા.૨૪

પેગાસસ મુદ્દે પ્રેસ કોન્ફરન્સ કરવા જતી વખતે રાહુલ ગાંધીએ કેરીને લઈને જે નિવેદન આપ્યું હતું તેના પર ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પલટવાર કર્યો છે. યોગીજીએ રાહુલ ગાંધીના કેરીવાળા વીડિયોને ટ્વીટ કરીને લખ્યું હતું કે, તમારો ટેસ્ટ વિભાજનકારી છે. પત્રકારોએ કોંગ્રેસી સાંસદ રાહુલ ગાંધીને કેરી અંગે સવાલ કર્યો હતો જેના જવાબમાં તેમણે પોતાને યુપીની કેરી પસંદ ન હોવાનું કહ્યું હતું.

રાહુલ ગાંધીને ટાર્ગેટ કરીને યોગી આદિત્યનાથે ટ્વીટમાં લખ્યું હતું કે, ‘શ્રી રાહુલ ગાંધીજી, તમારો ટેસ્ટ જ વિભાજનકારી છે. તમારા વિભાજનકારી સંસ્કારોથી સમગ્ર દેશ પરિચિત છે. વિઘટનકારી કુસંસ્કારોનો પ્રભાવ તમારા પર એટલી હદે હાવી છે કે, ફળના સ્વાદને પણ તમે ક્ષેત્રવાદની આગમાં હોમી દીધો. પરંતુ યાદ રહે કે કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી ભારતનો સ્વાદ એક જ છે.‘

તેમના પહેલા ગોરખપુરના બીજેપી સાંસદ રવિ કિશને પણ રાહુલ ગાંધીના કેરી અંગેના નિવેદનને લઈ પ્રતિક્રિયા આપી હતી. રવિ કિશને લખ્યું હતું કે, ‘રાહુલજીને યુપીની કેરી નથી પસંદ અને ઉત્તર પ્રદેશને કોંગ્રેસ નથી પસંદ. હિસાબ બરાબર.‘ ઉલ્લેખનીય છે કે, ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. તેના માટે કોંગ્રેસ તરફથી પ્રિયંકા ગાંધીએ પોતે જ કમાન સંભાળી છે. તેમણે તાજેતરમાં જ લખનૌની મુલાકાત લીધી હતી જેમાં યોગી સરકાર સામે અનેક આકરા કટાક્ષ કર્યા હતા.

રાહુલ ગાંધી અને પત્રકારો વચ્ચે ખૂબ જ હળવા અંદાજમાં વાતચીત થઈ હતી. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, મને યુપીની કેરી પસંદ નથી. મને આંધ્ર પ્રદેશની કેરી પસંદ છે. લંગડો તો તો પણ ઠીક છે, પરંતુ દશેરી મારા માટે ખૂબ મીઠી છે. રાહુલ ગાંધીનો આ વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૩ ગદ્ય ૨ પદ્ય, રચના વિષય : " મોક્ષ - માયા,, પ્રાણ - પ્રકૃતિ " વિષયક રચનાઓ. દિવસ - ૭ (૨૫-૭-૨૦૨૧)

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

(નોધ : ઉપરોક્ત વિષયક રચનાઓ પ્રસિદ્ધિ છેલ્લો દિવસ)

---

NOG SS No:0099

શબ્દ : માયા-મોક્ષ, પ્રાણ-પ્રકૃતિ

વિભાગ: ગદ્ય

શબ્દો:૧૧૭

શીર્ષક: મોહની માયાજાળ

'આ સંસાર અસાર છે' એવું જાણવા છતાં પણ આપણે સંસારમાં રહીને વિરક્ત બની શકતા નથી. દરેક મનુષ્ય આજીવન મોહની માયાજાળમાં અટવાયેલા જ રહે છે. કાયા જરઠ થઈ જાય છતાં મન સંસારની માયા છોડી શકતું નથી. સંસાર તરફની આશક્તિને કારણે લોભી આત્માને મોક્ષ મળતો નથી. સ્પૃહાથી કરેલ કર્મો કદી ફળતા નથી, નિઃસ્પૃહ રહીને કર્મો કરનારા મનુષ્યોના આત્માનું કલ્યાણ થાય છે. વળી, મનુષ્યના સ્વભાવમાં ક્રોધ વણાયેલો જ રહે છે, તેનો કદી ત્યાગ કરી શકાતો નથી. 'હું અને મારું' એમ 'સ્વ'ની આસપાસ રહીને બનેલ કૂંડાળુંની બહાર નીકળવું અશક્ય છે. વળી, સંસારીઓ સ્વાર્થવૃત્તિનો ત્યાગ કરવા અસમર્થ છે. 'હું અને મારો પરિવાર'થી શરૂ કરેલ સ્વાર્થભર્યા કર્મોની કોઈ સીમા જ નથી. એમાં પરોપકાર કે પરમાર્થની ભાવનાને કોઈ સ્થાન નથી.

ભાવના મિસ્ત્રી 'અભય' (વલસાડ)

N.O.G.S.S.No* .19

વિષય...મોક્ષ...માયા

શીર્ષક... છૂટકારો

હંસાબેન પોતાનાં પતિનાં આકસ્મિક અવસાન બાદ બંને પુત્રો.. જય,અને અક્ષરને સંભાળવામાં ઝઝૂમી રહ્યાં. બંને પુત્રોને સારું ભણાવી સમાજમાં માનભેર સ્થાન અપાવવામાં એ સફળ રહ્યાં. બંને પુત્રો પરણી પણ ગયાં. હંસાબેન હવે ઝાઝી મોહ..માયામાં રહેવાનાં બદલે જાતને મોક્ષ મળે એવી પ્રવૃત્તિ કરવાં લાગ્યાં. રોજ યોગ-ક્લાસમાં, વૃદ્ધાશ્રમમાં, મંદિરમાં વધારે સમય ગાળવા લાગ્યાં. એ પોતે પ્રામાણિક હોવાથી દરેકને મદદરૂપ થતાં. એક દિવસ ક્લાસમાં થી આવ્યાં, તો બન્ને ભાઇઓની વાત સાંભળી ગયાં. બંને ઇચ્છતાં હતાં કે મમ્મી એમનાં પૈસા શેરબજારમાં રોકવા આપી દે તો સારું.

હંસાબેન કંઈક નક્કી કરી એમનાં યોગ સાથી મિત્રની સલાહ લીધી.એ ભાઈએ આવું કરવાનાં બદલે કંઈક બચતફંડમાં રોકવાની સલાહ આપી.આથી બંને ભાઇઓની વાત હંસાબેને ન માની, અને પેન્શન યોજનામાં રોકાણ કર્યું. બંને પુત્રો નારાજ થઈ ગયાં. વહુઓ પણ જે સુશીલ દેખાતી હતી એનો મુખવટો ઉતરી ગયો. હંસાબેન ખુદને પ્રશ્ન પૂછવાં લાગ્યાં કે શું મારી રકમ જ આ લોકો માટે સર્વસ્વ છે? હું તો એમનાં સુખમાં ક્યારેય આડી આવતી નથી. આટલાં વર્ષો થયાં છતાં હું તો હજુ ત્યાં ની ત્યાં જ લાગી રહી છું. મારે કોઈ માયા કે લોભ નથી, પણ હવે આ રકમ હું મારી ઇચ્છા મુજબ વાપરીશ. એમણે મક્કમ નિર્ણય કરી એક બાલાશ્રમ ખોલવાનો નિર્ણય કર્યો. બાકીની જીંદગી અનાથ બાળકોની માતા થવાનું નક્કી કર્યું. એમની મમતા નો જાણે મોક્ષ થયો.. એમ ભવિષ્ય જોઇ રહ્યાં.

કલ્પનાબેન ત્રિવેદી સુરેન્દ્રનગર

---

NOG SS NO- 0088

વિષય શબ્દ- માયા - મોક્ષ , પ્રાણ- પ્રકૃતિ..

પ્રકાર- ગદ્ય

શીર્ષક- માનવીય પ્રકૃતિ ને મોક્ષ

પ્રદીપભાઈએ ૧૪ જુલાઈએ "આવાઝ દે કે" વાળો વિડિયો ગ્રુપમાં મૂકેલો. જોઈને મનોમંથન થયું. હાલની સામાજિક પરિસ્થિતિની સચ્ચાઈ દર્શાવતો વિડિયો..

એક એક દિવસ કરતાં ક્યારે જિંદગી આથમી જાય છે ..ખબર જ નથી પડતી.. એમ થાય છે હાલ થોડું કમાઈ લઈએ..પછી શાંતિથી જીવીશું! અને હકીકતે એ જીવવાનું રહી જ જાય છે..

શું આ જ માનવ જીવનની "મોહમાયા" કે બીજું કાંઈ?

પંખી જેવું જીવન છે!.. દાંતે તરણાં ભેગાં કરી માળો કરીએ.. અને જેને માટે બાંધીએ એ કામધંધે દેશાવર જાય.. ને વિશાળ માળો સૂનો પડે!.. ગામડામાં મોટાં હવેલી જેવડાં ઘરો સાવ સૂનાં ને ખંડેર પડ્યાં છે..

જ્યારે સ્વાથ્ય સારું તો ફુરસદ નહિ અને સાવ ફુરસદ હોય ત્યારે સ્વાશ્ય ગાયબ..આજ જીવનની પ્રકૃતિ..પણ આપણે એમાંય એને માનવીય સ્વભાવની પ્રકૃતિ કહી બચાવ કરીએ.

મનોમંથને કવિ શ્રી પ્રહલાદ પારેખના "અતિસુખનું દુઃખ" કાવ્યની પંક્તિઓ યાદ આવી..

અંતર ભરપૂર :
દેવે દીધું મને માગ્યું જે જીવને,
તો ય કાં આકુળ ઉર ?
રૂપરાશિ મમ અંગે અંગ;
છલકતા ઉર સુખતરંગ;
ધન-વૈભવ સકલ સંગ
શાના આ કરુણ સૂર? અંતર..

ક્યારેક અતિસુખ કે જીવનની સાહ્યબીની ભરપૂરતા મનની વ્યાકુળતાનું કારણ બને છે. અને સમાજમાં કંઈ કેટલાય ધન-વૈભવમાં આળોટતાં ધનિક અને રાજવીઓએ " સ્વીકારીને સંસાર ત્યાગી, મોક્ષનો માર્ગ લીધો.

જેમાં શંકરાચાર્ય, મહાવીર સ્વામી, ગૌતમ બુદ્ધ, રાજા ભર્તુહરિ જેવા અનેક સાધુ-સંતોએ નિજાનંદની મસ્તીનો માર્ગ લીધો, પણ તેઓની પત્નીઓ પતિ વિના સંસારમાં રહીને ધર્મને માર્ગે ચાલી. કેટલું કપરું! આવી કલ્પના માત્ર થી લખલખું વ્યાપી જાય.. એ જ વસ્તુ રાજા જનક જેવા સંસારી એ સંસારમાં રહીને મોક્ષની ગતિ સાધી.

મારા મતે..જરૂર છે સંયમ, સમતાનું વિવેક બુદ્ધિ સાથેનું સાયુજ્ય અને અનુસંધાન એ જ સાચો મોક્ષ!..

ડો. મનીષા વ્યાસ અમદાવાદ

---

NOG SS No :0064

વિષય : મોક્ષ / માયા

શીર્ષક : કળયુગનો કૃષ્ણ

સડસડાટ વહેતી જીંદગી,
પળની ક્યાં નવરાશ છે?
આત્મા ટટોળવા સમય નથી,
માણસ માણસનો ક્યાં થાય છે?
અમીરીની ચળકાટ એવી,
પોતાનાં ઘરમાં જ ખોવાય છે;
જ્યાં શબ્દોનો વ્યવહાર નથી
ત્યાં કલાનો કદરદાન ક્યાં થાય છે?
બે ઘડીની નિંરાત ઝંખતો,
કંઈ ધનનાં ઢગલે આળોટાય છે?
સિમેન્ટના આ શહેર વચ્ચે,
માણસાઈનાં દીવા ક્યાં પ્રગટ થાય છે?
મોહ માયા ન સ્પર્શી જેને,
એ તો પ્રભુમાં લીન થઈ જાય છે.
કળયુગનો બાળ કૃષ્ણ,
સંઘર્ષમાં પણ મલકાય છે.
અંગે રેશમી અંગરખું નથી,
મેલાં કપડે પણ સોહાય છે.
નથી પારખી શક્યો મનુષ્ય,
બાળ માધવની લીલા થાય છે.
કળયુગનો કૃષ્ણ છેડે રાગ,
સૂર મધૂરા માયા લગાડી જાય છે.

નેહા બગથરીયા

---

NOG.SS NO - 0050.

વિષય - મોક્ષ

શીર્ષક - મુક્તિ પામવાં.

આત્માએ પરમકૃપાળુ પરમાત્મા નો અંશ છે..!
કર્મનાં બંધનને લીધે જગતમાં અવતરે..!
પડછાયો ભીતર કૂદકા મારે..!
અઘરું છે જીવન ..!
અંધકાર રૂપી કર્મભૂમિ પર અંકુરિત થાય...!
મોક્ષ એટલે મુક્તિ..!
જીવતા જ....!
"હું મુક્ત છું" ..!
પોતાનામાં જ જાગૃતિ હોવી જોઈએ..!
આજ્ઞાથી આત્મા મુક્ત કરવો પડે..!
આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી, મનુષ્ય દેહેનાં જ્ઞાની પાસે જ જવું જ પડે ...!
મોક્ષની ગલ્લી સાંકડી ,
અટપટી, ભુલભુલામણીવાળી, જ્ઞાન વગરની...!
માટે જ્ઞાની ખોળી કાઢીને તેમને પગલે પગલે ચલાવશે..!
જ્ઞાની પુરુષની કૃપા આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરાવે...!
આત્મા આખા બ્રહ્માંડનો સૌથી મોટો ન્યાયાધીશ ગણાય છે..!
આત્મજ્ઞાન પ્રાપ્તિ થશે રાગ,દ્વેષ ,વિના શાશ્વત મુક્તિ પામેલો જીવ...!
મોક્ષ માટે ભવોભવ બંધનમાંથી મુક્ત થવું ..! હોય તો..!
કઠિન તપસ્યા કરવી પડે..!
જ્ઞાન મેળવીને બંધનોથી મુક્ત કરે..!
પુસ્તકો વેદો છે,
વેદો શૂન્ય છે ..!
મોક્ષ કેવી રીતે પામી શકાય..!
ધર્મ ,અર્થ, કામ અને મોક્ષ..! મોક્ષના બે અર્થ મુક્તિ અર્થાત બંધન..!
જેલમાં પુરાઈ ને છૂટી જાય એ મુક્ત ..!
કર્મની જેલ મોટી..!
ફળ અનેક ભોગવવા પડે..!
ભવ બંધન નું ચક્ર ચાલે..! બંધન છૂટી જાય..!
ત્યારે મોક્ષ થયો કહેવાય..! બીજો અર્થ મોહનો ક્ષય..! મોહમાં કામ, ક્રોધ, લોભ,દોષ, આસક્તિ,મમત્વ આદિ વિકારો સમાયેલાં છે..!
સંસારનાં પાત્રો ક્રિયાઓ ઈચ્છાઓ બંધનથી નીકળીને,
જીવને ભગવાનની સાથે બંધાય ત્યારે મોહનો ક્ષય થયો કહેવાય...!
ભાગવતમાં પણ પરીક્ષિતે...! શ્રદ્ધા અને વિશ્વાસથી સાંભળ્યું..!
ત્યારે એનો...! મોક્ષ થયો હતો..!

રાગીની શુક્લ" રાગ" મુંબઈ, કાંદિવલી



અષાઢ સુદ તેરસથી શરુ થતા ગૌરી વ્રત - ગોર્યો ઉમા - મહાદેવની ભક્તિ આરાધના નો અનોખો મહિમા પાવન કરી દે છે મંદિરોમાં પૂજાવિધિ કરીને નાની બાળાઓ ભગવાન શિવની આરાધના કરીને ઉપવાસ પણ રાખે છે પાંચ દિવસના આ વ્રતનો મહિમા હિન્દુ શાસ્ત્રોમાં જોવા મળે છે અમદાવાદના વિવિધ શિવ મંદિરોમાં નાની બાળા પૂજા કરતી જોઈ શકાય છે ફોટો સ્ટોરી કુશલભાઈ ભટ્ટ

## ચાણસ્માના ધાણોધરડા ગામે ચાણસ્મા યુવા ભાજપ દ્વારા ગુરુ વંદના કાર્યક્રમ યોજાયો




આજરોજ ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે ચાણસ્મા ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચા દ્વારા પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ગામે આવેલ આશ્રમ ખાતે ભારતીય જનતા પાર્ટીના જિલ્લા અધ્યક્ષ દશરથજી ઠાકોર ના અધ્યક્ષ સ્થાને ગુરુ વંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં જિલ્લા ઉપ પ્રમુખ દિલીપભાઈ જોશી મુકેશભાઈ પટેલ કિરણ ભાઈ જાની કૌશિકભાઇ સતિષભાઈ પાર્થ પટેલ ભાવિકભાઈ વિક્રમજી ઠાકોર દિપકભાઈ પટેલ કનુજી ઠાકોર મુકેશભાઈ વકીલ વગેરે કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા આ બાબતે જિલ્લા અધ્યક્ષ દશરથજી ઠાકોર જણાવ્યું હતું કે આપણા વડવાઓ પહેલા કહેતા હતા કે ગુરુ વિના જ્ઞાન અધૂરું છે ત્યારે ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુઓના આશીર્વાદ અવશ્ય લેવા જોઈએ તેમ જણાવ્યું હતું

તેમજ આશ્રમના મહંત નિજાનંદ બાપુએ જણાવ્યું હતું કે આશ્રમની અંદર કૂતરાઓને શીરો પક્ષીઓને ચણ સહિતના વિવિધ પૂર્ણ કાર્ય કરવામાં આવે છે તેમજ શિવરાત્રી તેમજ ગુરુ પુનમ ધામધૂમથી ઉજવવામાં આવે છે નિખિલ જોશી પાટણ

## આરોગ્ય વિભાગે ફાયર સેફ્ટીની સુવિધાને લઈ તમામ મ્યુ.કમિશ્નરને પરિપત્ર જાહેર કર્યો

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગરમાં આરોગ્ય વિભાગ દ્વારા રાજયના તમામ મ્યુનિસિપલ કમિશનર અને નગરપાલિકામાં ફાયર સેફ્ટીની ચકાસણીને લઈ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો. આ પરિપત્રમાં આરોગ્ય ખાતાના હસ્તકની મેડિકલ કોલેજ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો તથા સરકારી આરોગ્ય સંસ્થાઓમાં ફાયર સેફ્ટીની ચકાસણી કરવામાં આવે તેવી સૂચના આપવામાં આવી છે. આરોગ્ય વિભાગના હસ્તકની તમામ બિલ્ડીંગો અને ઈમારતોમાં ફાયર સેફ્ટીની સુવિધા ન હોય તો તે તાત્કાલિક ધોરણે મેળવી લેવી અને ફાયરના સાધનોની પણ ચકાસણી કરવાની સૂચના આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ રાજયમાં ફાયર સેફ્ટી એક્ટની યોગ્ય અમલવારી મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં રાજ્યની મહાનગરપાલિકાઓએ હાઈકોર્ટ સમક્ષ વિસ્તૃત સોગંદનામું રજૂ કર્યું હતું. જે દરમ્યાન ફાયર સેફ્ટી મુદ્દે મંથર ગતિએ ચાલતી કામગીરીને લઈને હાઈકોર્ટે ફરી એક વખત સરકારની આકરી ઝાટકણી કાઢી હતી. હાઈકોર્ટે સરકારને પૂછ્યું હતું કે, સ્કૂલ, કોલેજો અને કોર્પોરેટ હાઉસમાં બીયુ પરમિશન કે ફાયર સેફ્ટી છે કે નહીં. પહેલાં અને અત્યારે હાઈરાઈઝ બિલ્ડિંગ અને હોસ્પિટલમાં કેવી પરિસ્થિતિ છે તેના પર વાત કરવી જરૂરી છે. આ સાથે જ સરકારે ભૂતકાળમાં શું પગલાં લીધા અને હાલમાં શું પગલાં લીધા છે તે જણાવે. ગેરકાયદેસર બિલ્ડિંગોના આંકડા દિનપ્રતિદિન વધી રહ્યા છે તો હવે સરકાર શું પગલાં લેશે તે જણાવે.

## લેખિકા સુનિતા વ્યાસ નું પુસ્તક પ્રેમ નું તત્વજ્ઞાન પ્રકાશિત થયું

અમદાવાદમાં નિવાસ ધરાવતા અને સિધધપુર ખાતે જન્મેલા મહિલા લેખિકા સુનિતા ડી વ્યાસ નું પુસ્તક ×પ્રેમ નું તત્વજ્ઞાન તાજેતર માં પ્રકાશિત થયું છે.

આ પુસ્તક માં પ્રેમ એટલે શું?, પ્રેમ પામવાના ટૂંકા માર્ગ કયા કયા, મૌન પ્રેમ ની ભાષા એટલે શું, પ્રેમ ને ભક્તિ કેવી રીતે બનાવાય, પ્રેમ નો ધર્મ, ધ્યાન અને સેક્સ સાથે શું સંબંધ છે, સેક્સ નો અનહદ આંનદ કેવી રીતે મેળવી શકાય, પ્રેમ અને ધ્યાન દ્વારા પરમાત્મા ની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે, પ્રેમ મય સમાજ નિર્માણ અને વિશ્વ શાંતિ ની સ્થાપના કેવી રીતે થઈ શકે, વિગેરે ની ખૂબ સરસ માહિતી આ પુસ્તક માં આપી છે.

લેખિકા ને ગાંધીનગર ના હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક, સામાજિક કાર્યકર, અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ના શ્રી ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

પ્રેમ નું તત્વજ્ઞાન પુસ્તક મેળવવા માટે મોબાઈલ નંબર - ૯૪૨૯૯૫૫૮૧૭ પર સંપર્ક સાધવાનો રહેશે. લેખિકા સુનિતા વ્યાસ કવિયિત્રી, કોલ્મીશ્?ઠ અને સોશિયલ એક્ટિ વિષ્ટ છે. તેઓને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ સ્ટાર માં ૨૦૨૦ માં સ્થાન મળ્યું છે. તેઓ કવિતા ગીત ગઝલ અને નિબંધ લખવાનો શોખ ધરાવે છે. તેઓએ હિન્દી ગુજરાતી અને સંસ્કૃત સાથે એમ એ બી ઍડ થયેલા છે. કમ્પ્યુટર સોફટવેર માં પરફોર્મિંગ આર્ટસ ની ડીગ્રી ધરાવે છે.

તેઓની ગઝલો ને આંતરરાષ્ટ્રીય ગઝલ બુક માં સ્થાન મળ્યું છે. તેઓ પ્રકૃતિ પ્રેમી છે. તેઓને સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ તરફથી ×બ્રાહ્મણ ગૌરવ એવાર્ડ - ૨૦૨૦, ગુર્જર કાવ્ય રત્ન સન્માન, સ્નેહ શ્રી નિધિ સમ્માન, તથા મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર દ્વારા હરિવંશ રાય બચ્ચન સન્માન પ્રાપ્ત થયેલ છે. તેઓને અનેક સન્માન પ્રાપ્ત થયા છે. અનેક સિધ્ધિ ઓ સુનિતા વ્યાસ દ્વારા હાંસલ કરવામાં આવી છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન

ડૉ ગુલાબચંદ પટેલ

અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર

### આપત્કાળમાં જીવિત રહેવા માટે તોયે સાધના કરો ! - શ્રી. વૈભવ આફળે

## સમગ્ર વિશ્વના જિજ્ઞાસુઓ માટે ૧૧ ભાષાઓમાં 'ઑનલાઈન ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉત્સાહભેર સંપન્ન

કર્ણાવતી - અડચણ સમયે ઉપયોગી પડે તે માટે આપણે અધિકોષ (બેંક)માં પૈસા મૂકીએ છીએ. તેવી જ રીતે સંકટકાળમાં સહાયતા થાય, એ માટે સાધનાની થાપણ આપણા સંગ્રહકોષમાં હોવી આવશ્યક છે. તેને કારણે સંકટસમયે આપણને સહાયતા થશે. ભગવાન શ્રીકૃષ્ણએ 'ન મે ભક્તઃ પ્રણશ્યતિ', અર્થાત્ 'મારા ભક્તનો કદીપણ નાશ થશે નહીં', એવું વચન ભક્તોને આપ્યું છે. તેથી આપણે સાધના વૃદ્ધિંગત કરીને જ ભગવાનના ભક્ત બનવું જોઈએ. આ પહેલાં આનંદપ્રાપ્?તિ માટે સાધના કરો, એવું અમે કહેતા હતા; પણ આવનારો આપત્?કાળ એટલો ભીષણ હશે કે, હવે જીવિત રહેવા માટે સાધના કરો, એવો સમય પાકી ગયો છે, એવું પ્રતિપાદન હિંદુ જનજાગૃતિ સમિતિના સમન્વયક શ્રી. વૈભવ આફળેજીએ કર્યું. તેઓ સનાતન સંસ્?થા અને હિંદુ જનજાગૃતિ સમિતિના સંયુક્ત વિદ્યમાનથી આયોજિત 'ઑનલાઈન ગુરુપૂર્ણિમા મહોત્?સવ'માં માર્ગદર્શન કરી રહ્યા હતા. તેમણે ઉમેર્યું કે, સાધના વિશે સનાતન સંસ્?થા વતી સાપ્?તાહિક 'ઑનલાઈન સાધના સત્સંગ' લેવામાં આવે છે. તે સત્સંગોનો જિજ્ઞાસુઓએ અવશ્ય લાભ લેવો.

આ વર્ષે ૧૧ ભાષાઓમાં 'ઑનલાઈન' ગુરુપૂર્ણિમા મહોત્? સંપન્?ન થયો. આ મહોત્?સવનો પ્રારંભ શ્રી વ્યાસપૂજન અને શ્રી ગુરુપૂજન દ્વારા થયો. આ સમયે સનાતન સંસ્?થાના સંસ્?થાપક પરાત્?પર ગુરુ (ડૉ.) જયંત આઠવલેજીએ ગુરુપૂર્ણિમા નિમિત્તે આપેલા સંદેશનું વાચન કરવામાં આવ્યું. તેમજ પરાત્?પર ગુરુ (ડૉ.) આઠવલેજીએ આ પહેલાં કરેલા માર્ગદર્શનની સંગ્રહિત ધ્વનિચિત્રફીત અને 'આપત્કાળની દૃષ્?ટિએ કરવાની સિદ્ધતા' આ વિષય પરની ધ્વનિચિત્રફીત પણ બતાવવામાં આવી. સ્વસંરક્ષણ પ્રશિક્ષણની આવશ્યકતા વિશદ કરનારા પ્રાત્યક્ષિકો (બચાવ અને આક્રમણ) આ મહોત્સવનું આકર્ષણ પુરવાર થયા. સનાતન સંસ્થાના સંકેતસ્?થળ, તેમજ 'હિંદુજાગૃતિ' આ સંકેતસ્થળ અને યુ-ટ્યૂબ ચેનલ દ્વારા આ કાર્યક્રમનો લાભ ૯૦,૦૦૦ જિજ્ઞાસુઓ અને સાધકોએ લીધો.

શ્રી. વૈભવ આફળેજીએ આગળ કહ્યું કે, વર્તમાનમાં ભારત સાથે જ સંપૂર્ણ પૃથ્વી સંકટકાળમાંથી પસાર થઈ રહી છે. આ સમગ્ર વર્ષ દરમ્?યાન પૂરસ્થિતિ, રમખાણો, મહામારી, આર્થિક ભીંસ ઇત્?યાદિ સંકટોનાં પરિણામ દેશને ભોગવવા પડ્યા છે. વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૩ આ કાળ ભારત માટે નહીં, જ્યારે સંપૂર્ણ જગત્ માટે આપદાઓનો કાળ હશે. આ કાળમાં આર્થિક મંદી, ગૃહયુદ્ધ, સીમાપાર યુદ્ધ, ત્રીજું મહાયુદ્ધ અને નૈસર્ગિક આપત્તિઓનો સામનો સામાન્?ય જનતાએ કરવો પડશે. આવા આપત્કાળમાં જીવિત રહેવું અને સુસહ્ય જીવન વ્યતિત કરવું, આ એક પડકાર પુરવાર થવાનો છે. આપત્કાળની દૃષ્ટિએ સ્વસંરક્ષણ, પ્રથમોપચાર, અગ્નિશમન પ્રશિક્ષણ, જલતરણ, વાહન ચલાવવા જેવી વિવિધ પ્રકારની વિદ્યાઓ શીખવા માટે પ્રધાનતા આપવી જોઈએ.

સનાતન સંસ્થાના ગ્રંથ હવે 'ઈ-બુક' સ્વરૂપમાં 'એમેઝોન કિંડલ' પર ઉપલબ્ધ થયા છે. અઆ હિંદી ભાષામાં પ્રથમ 'ઈ-બુક'નું લોકાર્પણ 'સનાતન પ્રભાત' નિયતકાલિક સમૂહના માજી સમૂહ-સંપાદક પૂ. પૃથ્વીરાજ હજારેના શુભહસ્?તે કરવામાં આવ્યું. આ સાથે જ હિંદી, અંગ્રેજી અને કન્?નડ આ ભાષાઓમાંના અન્ય ૮ ગ્રંથોનું પણ લોકાર્પણ આ મહોત્?સવમાં કરવામાં આવ્યું.

## ફોટો ગેલેરી



## થપ્પો દા – સફર આપણા બાળપણની" બુકનું થયું વિમોચન.

# રાજકોટના આર જે આકાશ,આર જે જય,યુવા કોમેડિયન જય છનીયારા તથા વર્ગ ૨ અધિકારી દર્શિત ગોસ્વામી દ્વારા વિમોચન કરાયું



થપ્પો દા શબ્દ સાંભળીને જ આપણને આપણું બાળપણ યાદ આવી જાય છે આવી જ એક બુક પ્રકાશિત થઈ ચુકી છે જેનું નામ છે × થપ્પો દા - સફર આપણા બાળપણની ×. જેના સંકલન કર્તા ભાવિશા તલસાણીયા, તેમજ થપ્પો દા બુકનું કવર પેજ તથા બુકની આંતરિક ડિઝાઈન જયદીપ પંડયાએ કરેલ છે. જેમાં ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર સહિતના ૪૦ સહ-લેખકોએ પોતાના બાળપણની યાદોને કવિતા, વાર્તા અને શાયરી દ્વારા રજુ કરેલ છે. જેમના નામ જયદીપ પંડયા, દેવસ્ય તલસાણીયા(માત્ર ૧૨ વર્ષની ઉમર), યજ્ઞેશ ખંડાલ, કિંજલ દવે, હેત્વી પટેલ, જલ્પા ભંડેરી, જલ્પા પારધી, દિવ્યા પાટડિયા, આસ્થા ભાલોડિયા, બંસરી દંગી, કોમલ પોશિયા, રચના શાહ, જગદીશ જેપૂ, સાગર સૈયા, ધર્મેન્દ્રસિંહ બારીઆ, મીના રાવલાની, વિરાજસિંહ નકુમ, પ્રકાશ સોલંકી, નમન ચુડાસમા, વિધિ કાનાબાર સોનૈયા, વિધિ પદ્ માણી, રવિન સંચાણિયા, પ્રિયા પંડયા, હિરલ પટેલ, દર્શના જેઠવા, જલદીપ પંચાલ, હેમાદ્રી પુરોહિત, ધ્રુવી ઉમરાળીયા, કામ્યા ગોપલાણી, નિર્મલ આહીર, અંકિતા ગલચર, ધારા આહીર, પૂજા વ્યાસ(ભટ્ટ), હાર્દિક દૈયા, વિજય તલસાણીયા, મોહિલ મોરધ્રા, માનસી જોષી , રાધિકા અજાણી, હેનસી ઈડા, નંદિની ભીંડોરા છે.આ પુસ્તકનું વિમોચન કોમેડિયન જય છનિયારા,આર જે આકાશ, આર જે જય તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શક અને વર્ગ ૨ અધિકારી એવા દર્શિત ગોસ્વામી દ્વારા કરવામાં આવી છે. સાથોસાથ ભૌતિક ભાઈ ઠક્કર(મેથ્સ ગુરુ), જગત દાન ગઢવી ભાઈ, મનસુખ સાબળિયા, મોહેન્દ્રસિંહ વર્મા, હર્ષિલ સોની, અશ્વિન સરવૈયા, પી. આનંદ તેમજ હેમાંગીની ગોર દ્વારા આ બુક ની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે. આ બુક એમેઝોન, ગૂગલ પ્લે બૂક્સ, ફ્લિપકાર્ટ અને એમેઝોન કિન્ડલમાં તમને બધાને મળી રહેશે. થપ્પો દા બુક વાંચીને તમે બધા પણ તમારા બાળપણની યાદોના સફરને તાજું કરો એવી આશા સાથે આભાર સહ... અમારી સાથે તમારી બુક લખવા ઈન્સ્ટાગ્રામમાં સંપર્ક કરાu @bhavishagajjar216 અ ન ` @jp.means.just.perfec તમારી લખેલી શાયરી, વાર્તાઓ, વગેરે અમને ઈન્સ્ટાગ્રામ આઈ ડી @write_your_words_with_usમાં મોકલો. પુસ્તકની વધુ માહિતી માટે સપર્ક કરો ૭૨૦૨૦ ૪૮૪૮૪.

## ઓલમ્પિકમાં ભારતના ખેલાડીઓ વધુ ને વધુ ચંદ્રકો મેળવી વિશ્વ કક્ષાએ દેશનું ગૌરવ-ગરિમા વધારશે : રાજ્યપાલશ્રી

# ટોકિયો ઓલમ્પિકમાં દેશના પ્રથમ રજત ચંદ્રક અપનાવનારા ખેલાડી મીરાબાઈ ચાનુને શુભેચ્છા પાઠવતા રાજ્યપાલશ્રી

## નેહરુ યુવા કેન્દ્ર સંગઠન દ્વારા ટોકિયો ઓલમ્પિકમાં ભાગ લઈ રહેલા દેશના ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા યોજાયેલી "ચિયર્સ ફોર ઇન્ડિયા રન" ને લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવતા રાજ્યપાલશ્રી

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે નેહરુ યુવા કેન્દ્ર સંગઠન દ્વારા ટોકિયો ઓલમ્પિકમાં ભાગ લઇ રહેલા દેશના ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા યોજાયેલી' ચિયર્સ ફોર ઈન્ડિયા રન' ને લીલી ઝંડી દર્શાવી રાજ ભવન ખાતેથી પ્રસ્થાન કરાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે ઓલમ્પિકમાં ભારતના ખેલાડીઓ વધુને વધુ ચંદ્રકો મેળવી દેશનું ગૌરવ-ગરિમા વધારશે. રાજ્યપાલશ્રીએ ટોકિયો ઓલમ્પિકમાં વેઈટ લિફ્ટિંગમાં દેશને પ્રથમ રજતચંદ્રક અપાવનાર ખેલાડી મીરાબાઈ ચાનુને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રમતગમત ક્ષેત્રે યુવાઓ દેશનું નામ રોશન કરે તે માટે અનેકવિધ પગલાં ભર્યા છે. એટલું જ નહીં, ખેલાડીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરા પાડ્યા છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે , રમતૃ-ગમત દ્વારા યુવાઓમાં એકતા, અનુશાસન અને રાષ્ટ્રપ્રેમ જેવા ગુણો વિકસે છે. રાજ્યપાલશ્રીએ ટોકિયો ઓલમ્પિકમાં દેશના યુવા ખેલાડીઓને અને ખાસ કરીને ગુજરાતમાંથી ઓલમ્પિકમાં ભાગ લઈ રહેલા છ મહિલા ખેલાડીને તેમના શ્રેષ્ઠ પ્રદર્શન માટે શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે નેહરુ યુવા કેન્દ્ર સંગઠનના ઉપાધ્યક્ષ શ્રી પ્રદીપસિંહ વાઘેલા તેમજ ડીજીપી અનિલ પ્રથમે ટોકિયો ઓલમ્પિકમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે ખેલાડીઓને શુભકામના પાઠવી હતી. આ પ્રસંગે નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના રાજ્ય નિર્દેશક શ્રીમતી મનીષા શાહ, શ્રી ભારતી મોન્ગ્રા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ટોકિયો ઓલમ્પિકમા ભાગ લઈ રહેલા દેશના ખેલાડીઓને પ્રોત્સાહિત કરવાના ભાગરુપે યોજાયેલી આ મેરેથોન રાજભવન ખાતેથી શરુ થઈ હતી અને સર્કીટ હાઉસ થઈ ચ-૫ ખાતે તેનું સમાપન થયું હતું.



# રેલ્વે વિભાગની ઘોર બેદરકારીથી ૩ ગામના લોકો ગામની મુખ્ય સડકથી થયા વંચિત

રેલ્વે વિભાગની ઘોર બેદરકારી થી પાલનપુર તાલુકાના સૂરજ પુરા લક્ષ્મણપુરા કરજોડા ગામની મુખ્ય સડક થી ગામના લોકો વંચિત થયા. છેલ્લા બે વર્ષો થી ત્રણ ગામોના સરપંચ તલાટી તેમજ ગામના લોકો દ્વારા જિલ્લા કલેકટર અને રેલ્વે વિભાગને અન્ડરબ્રિજ ચાલુ કરવા બાબતે વારંવાર જાણ કર્યા છતાં અરજી આપ્યા છતા રેલ્વે વિભાગ વિભાગ ત્રણ ગામો ની અંડર બ્રિજની સડક ચાલુ કરતી નથી સૂરજ પુરા થી ખેમાણા જવાના મુખ્ય માર્ગ પર રેલવેનું કામ ચાલુ છે ત્યાં અંડરબ્રિજમાં પાણી ભરાય છે બે વર્ષથી લોકો હેરાન પરેશાન થઈ રહ્યાં છે

તેમજ રેલ્વેની જૂની લાઈનમાં ઘોર બેદરકારી કરવામાં આવી રહી છે ત્રણ અંડરબ્રિજ બંધ હોવાથી ત્રણેય ગામના લોકો હેરાન પરેશાન થઈ રહ્યાં છે દસ કિલોમીટર ફરીને લોકોને પોતાના ગામમાં જવુ પડી રહ્યુ છે ફક્ત જસપુરીયા વાળું ફક્ત અન્ડરબ્રિજ ચાલુ છે તેમજ ત્રણે ગામોના અંડરબ્રિજ બંધ હોવાથી સૂરજપુર લક્ષ્મણપુરા કરજોડા ગામના લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે અને તંત્ર ઘોર નિંદ્રામાં અન્ડરબ્રીજ નંબર ૧૬૨/૭ ૧૬૩/૭ ૧૬૩/૭ આ ત્રણે અંડરબ્રિજ રેલ્વે છેલ્લા બે વર્ષોથી ચાલુ કરતી નથી જેથી ઘણીવાર ગામના કેટલાક લોકોને ૬૦ થી સિત્તેર લિટર દૂધ ઉપાડીને રેલ્વેના પાટા ક્રૉસ કરીને જીવ જોખમમાં મૂકીને એક ગામથી બીજા ગામે જવું પડે રહયુ છે સુરજપુરા લક્ષ્મણપુરા કરજોડા ત્રણેય ગામના લોકો તેમજ સરપંચ તલાટી શ્રી જણાવ્યું કે અન્ડર બ્રીજનું કામ પુર્ણ થઈ ગયેલ છે પરંતુ ચાલુ કરતા નથી તંત્ર જાગે જીલ્લા કલેકટર રેલ્વે વિભાગને નોટિસ ફટકારીને આ ત્રણેય ગામોના અન્ડરબ્રિજ તત્કાળ ચાલુ કરાવે તેવી આ ત્રણેય ગામોના લોકોની ઉગ્ર માગ છે

## આપણા દેશમાં ગુરુનું સ્થાન સૌથી સર્વોચ્ચ - રાજ્યપાલશ્રી

# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં આચાર્ય વંદનાનો કાર્યક્રમ યોજાયો



ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU) ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં આચાર્ય વંદનાનો કાર્યક્રમ યોજાયો હતો.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ખાતે ગુરુપૂર્ણિમા નિમિત્તે આયોજીત આચાર્ય વંદના કાર્યક્રમને સંબોધતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, ભારતમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ છે. અને ગુરુ –શિષ્યની અદભૂત પરંપરા એ ભારતની વિશ્વને ભેટ છે. ગુરુ વંદનાનાં આ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી એ જણાવ્યું હતું કે આ કાર્યક્રમ દ્વારા ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી દેશમાં એક ગૌરવપૂર્ણ ઈતિહાસ સ્થાપિત કરવા જઈ રહી છે. તેમણે ઉમેર્યુ હતું કે, ટેકનોલોજીના આજના સમયમાં ગુરુ-શિષ્ય પરંપરાને જાગૃત્ત રાખવાનું ઉત્તમ કાર્ય જીટીયુ દ્વારા થઈ રહ્યું છે.

વિદ્યાર્થી ઉપર સૌથી વધારે ગુરુની અસર રહેતી હોય છે, બાળકના ઘડતરનો પ્રથમ આધાર માતા, બીજો આધાર પિતા અને ત્રીજો આધાર આચાર્ય હોય છે. તેમણે જણાવ્યું હતું કે અનાદિકાળથી ભારતમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ રહ્યું છે.

ભારત એ વિશ્વગુરુ હતો, જેણે દુનિયામાં જ્ઞાનનો પ્રકાશ પહોંચાડ્યો,ગાણિતિક વિદ્યા, શસ્ત્રવિદ્યા, વિજ્ઞાન અને ટેકનોલોજી, વેદો, ઉપનિષદો, શાસ્ત્રોનો વારસો આપ્યો છે.

તેમણે કહ્યું હતું કે, માત્ર ગુરુ જ એવી વ્યક્તિ છે જેની ઈચ્છા હોય છે કે એમના શિષ્યો એક દિવસ વિશાળ વટવૃક્ષ બને, દુનિયામાં નામ રોશન કરી રાષ્ટ્રનું ગૌરવ વધારે. ગુરુ શબ્દનો અર્થ જ એવો થાય છે કે અંધારામાંથી પ્રકાશ તરફ લઈ જવું. પૂર્ણતાનો આધાર ગુરુ હોય છે. તેમણે શિષ્યના ઘડતરમાં ગુરુની ભૂમિકા સ્પષ્ટ કરતાં કહ્યું કે, આચાર્ય એ છે જે શિષ્યને યોગ્ય જીવનદર્શન આપે છે. એકતા, પ્રેમ, સદભાવ, ભાઈચારો જેવા ગુણો તેમનામાં કેળવે છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે,પૂર્ણ સમભાવ રાખીને વસુધૈવ કુટુંબકમની ભાવનાને ચરિતાર્થ કરી રાષ્ટ્ર અને વિશ્વનું નિર્માણ કરીએ. તેમણે જન્મદિને એક વૃક્ષ વાવવાનો સંકલ્પ કરવા પણ સૌને આહવાન કર્યું હતું.


ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ શ્રી નવીન શેઠે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમને ત્રણ લાખથી વધુ લોકોએ વર્ચ્યૂઅલ નિહાળ્યો છે અને મૂલ્ય નિર્માણથી રાષ્ટ્ર નિર્માણનો સંકલ્પ લીધો છે.

આ કાર્યક્રમમાં કુલ સચિવ ડો. કે.એન.ખેર, ઈનિશીએટિવ ફોર મોરલ એન્ડ કલ્ચરલ ટ્રેનિંગ ફાઉન્ડેશન - IMCTFના શ્રી ગુણવંત કોઠારી, શ્રી પ્રવિણ મહેતા, ગુરુજનો વિદ્યાર્થીઓ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

અંજલી શુક્લ



આજ રોજ આમ આદમી પાર્ટી,ગાંધીનગર દ્વારા આ મોઘવારી અને રોજબરોજ નાં પેટ્રોલ ડીઝલ વગેરે મા થતાં ભાવ વધારાની આ ગુલામી નાં વિરોધ મા ગાંધીનગર બસ સ્ટેન્ડ નજીક આવેલ સેક્ટર ૬ માં આવેલ સત્યાગ્રહ છાવણી નાં મેદાનમાં એટલે કે ૨૪/૭/૨૦૨૧ શનિવારે બપોરે ચાર વાગ્યા થી પાંચ વાગ્યા નું વિરોધ પ્રદર્શન કરવા માં આવ્યું છે.. જેમાં કોરોના મહામારી ને ધ્યાન માં રાખીને તમામ સાવચેતી સાથે સાંતી પૂર્વક વિરોધ પ્રદર્શન કરવા માં આવ્યું છે



## ગુરુ પૂર્ણિમા..ગુરુ પૂજન

# દિવ્યાંગ કપિલ ચૌહાણના હસ્તે સલેમપૂરા ગામમાં વિના મૂલ્યે માસ્ક વિતરણ કરાયા

કલેક્ટર કચેરી ,જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર,પાલનપુર અને રિલાયન્સ ફાઉન્ડેશન ગ્રુપ પાટણ ના સંયુક્ત ઉપક્રમે બનાસકાંઠા જિલ્લા દિવ્યાંગ પ્રતિનિધિ કપિલ ચૌહાણ ના હસ્તે વિના મૂલ્યે પાલનપુર તાલુકામાં આવેલ સલેમપૂરા ગામમાં માસ્ક વિના ફરતા વ્યક્તિઓને વિના મૂલ્યે માસ્ક વિતરણ કરાયા હતા હાલમાં કોરોના જેવી મહામારી ચાલી રહી છે ત્યારે આવી ઉતમ પ્રવુતિ કરવી ખૂબ જ જરૂરી છે આ સંપૂર્ણ કામગીરી નું માર્ગદર્શન માન.કલેક્ટર સાહેબ શ્રી દ્વારા આપવામાં આવ્યું હતું બનાસકાંઠા જિલ્લામાં દિવ્યાંગ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરતા દલવાડા ગામના વતની કપિલકુમાર સેંધાભાઈ ચૌહાણ જેઓ બન્ને પગે ૮૦% દિવ્યાંગ હોવા છતાં તારીખ ૨૪/૭/૨૦૨૧ ના રોજ વિતરણ કરાયા હતા આ કાર્યમાં રિલાયન્સ ફાઉન્ડેશન ના મુકેશભાઈ દેસાઈ ,જિલ્લા ડિઝાસ્ટર ઓફિસર સંજયકુમાર ચૌહાણ, જીવદયા ફાઉન્ડેશન ના ચેરમેન ઠાકોરદાસ ખત્રી, GSDMA ના હિતેશભાઈ બારોટ અને હિતેશભાઈ મેવાડા ઉપસ્થિત રહ્યા હતા દિવ્યાંગ હોવા છતાં ઉતમ કામગીરી બદલ ગામલોકોએ પણ કપિલ ચૌહાણ નો ખૂબ જ સાથ સહકાર આપી આભાર વ્યક્ત કર્યો હતો




આજ રોજ નવગુજરાત સમય અને અમદાવાદ મીરોર ધ્વારા પ્રાઇડ ઓફ ચરોતર બુકનું વિમોચન ગુજરાત પ્રદેશ ભાજપા ના અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ ની વિશેષ ઉપસ્થીતિમાં કરવામાં આવ્યું.આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમાર,આણંદ જિલ્લા પ્રભારી શ્રી અમિતભાઈ ઠાકર,ગુજરાત વિધાનસભા ના મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈ,આણંદ જિલ્લા ભાજપા પ્રમુખશ્રી વિપુલભાઈ પટેલ,આણંદ લોકસભા સાંસદશ્રી મિતેશભાઈ પટેલ, આણંદ જિલ્લા મહામંત્રી શ્રી રમણભાઇ સોલંકી,શ્રી મયુરભાઈ સુથાર,શ્રી નિરવભાઈ અમીન, કોષાધ્યક્ષ શ્રી યોગેશભાઈ પટેલ,પૂર્વ સાંસદ શ્રી દિલીપભાઈ પટેલ, ખંભાતના ધારાસભ્ય શ્રી મયુરભાઈ રાવલ, ખેડા જિલ્લા પ્રમુખશ્રી અર્જુનસિંહ અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા.


# અરવલ્લી જિલ્લા કોરોના કાળ દરમ્યાન છત્ર છાયા ગુમાવેલા બાળકો ને મદદરૂપ થવા સામાજિક સંસ્થાઓ દ્વારા બેઠક યોજાઇ



અરવલ્લી બ્યુરો મઠવાસ

સમગ્ર અરવલ્લી જિલ્લામાં કોરોના દરમિયાન જે બાળકોના માતા અથવા પિતા અથવા માતા-પિતા બંને મૃત્યુ પામ્યા હોય તેવા બાળકોને શૈક્ષણિક રીતે મદદરૂપ થવાની વિશ્વગ્રામ (તુલા-સંજય) અને સ્વપથ ટ્રસ્ટે (રાજેશ ભટ) પહેલ કરી . આ કાર્યની વિચારણા, મનોમંથન અને માર્ગદર્શન-સલાહસૂચન માટે જેસીસ હોલ, મોડાસા ખાતે એક બેઠક મળી ગઈ. જેમાં અરવલ્લી જિલ્લાના ચાલીસ જેટલા પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. અકાળે મૃત્યુ પામેલા માટે મૌન સાથે . પ્રાર્થના મધૂસુદન વ્યાસે . કરવી. સ્વાગત જીવદયાપ્રેમી નિલેશભાઈ જોષીએ કર્યું હતું. ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, કનુભાઈ પટેલ, મહમ્મદ શફી મદની, બિપીનભાઈ શાહ, અરવલ્લી જિલ્લાના વતની ને જેમને અનાથ બાળકો માટે મદદરૂપ થવાનું બીડું ઝડપ્યું છે એવા બિપીનભાઈ ભટ્ટ, નવનીતભાઈ પરીખ વગેરેએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન અમિત કવિએ કર્યું હતું. આભારવિધિ આ પ્રોજેક્ટના સંયોજક હેમંત રાજવણકર સાયરાએ કરી હતી.

# મોડાસા : મામલતદારની બોગસ સહી અને બનાવટી સિક્કા વાપરી હુકમ બનાવ્યો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસા તાલુકાના સાકરીયા ગામે ખેતરમાંથી અવર-જવર માટે ખેડૂતો વચ્ચે તકરાર ચાલતી હતી અને જે અંગે અરજી મામલતદાર કચેરીમાં કરવામાં આવી હતી ત્યારે આ અંગે એક અજાણ્યા ઈસમે મામલતદાર તરીકે ખેડૂતે કરેલ રસ્તાના દાવા અંગે ટેલીફોનીક સંપર્ક કરી તેમની તરફેણમાં હુકમ કરવાનું જણાવી ખેડૂત પાસેથી રૂપિયા ખંખેરી લઈ મામલતદાર કચેરીમાં પેંડીગ પડેલ દાવા બનાવટી મનાઈ હુકમ કરતા અને આ મનાઈ હુકમની કોપી આરપીએડીથી મોકલી આપતા આ અંગે ખેડૂતોએ મોડાસા મામલતદારનો સંપર્ક કરતા તેમને આવો કોઈ મનાઈ હુકમ કર્યો નથી તો મનાઈ હુકમ થયો કઈ રીતે તેની તપાસ કરતા કોઈ અજાણ્યા ઈસમેં મામલતદારના હોદ્દા,સહિ,સીક્કાનો ખોટો દુરુપયોગ કર્યો હોવાની જાણ થતા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છ. મોડાસા મામલતદાર તરીકે ફરજ બજાવતા અરૂણકુમાર સુરજદાન ગઢવીને તેમની કચેરીના દાવા નંબર ૬૮૯/૨૧ નો તેમની જાણ બહાર મનાઈ હુકમ થઇ ગયો હોવાની જાણ સાકરીયા ગામના ખેડૂતોએ મામલતદારને કરતા ચોંકી ઉઠ્યા હતા અને આ અંગે તપાસ કરતા કોઈ અજાણ્યા ઈસમે તેમના હોદ્દાનો દુરુપયોગ, ખોટા સહી સીક્કાનો દુરુપયોગ કરી મનાઈ હુકમ આરપીએડી કરવામાં આવ્યો હોવાનું ધ્યાને આવતા તાબડતોડ આ અંગે ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કર્યા પછી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવતા મોડાસા રૂરલ પીઆઇ તોમરે ફરિયાદ નોંધી ખેડૂતોએ આપેલ મોબાઈલ નંબરના આધારે નકલી મામલતદારને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

મોડાસામાં નકલી મામલતદાર બની બેઠેલા શખ્સે મનાઈ હુકમ કરવા ખેડૂતો પાસેથી મોટી રકમ પડાવી લીધા પછી અરજદારને શકે ન પડે તે માટે મામલતદારના ખોટા સહી સીક્કા કરી આરપીએડીથી મનાઈ હુકમ પણ મોકલી આપ્યો હતો ત્યારે જીલ્લામાં નકલી પોલીસ,નકલી આરટીઓ અધિકારીઓ પછી નકલી મામલતદાર પણ લોકોને લૂંટવા સક્રીય થતા લોકો પણ અચંબીત બન્યા છે ત્યારે નકલી મામલતદાર બનવાનું સાહસ કરનાર શખ્સે કેટલા લોકોને મામલતદારના નામે ચૂનો લગાવ્યો છે એ તો ઝડપાયા પછી જ ખબર પડશે હાલ તો નકલી મામલતદારે જીલ્લામાં ભારે ચકચાર મચાવી છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.